**સુવિચાર**

જીવનમાં સંયમ, સદાચાર જ્યાં સુધી ન આવે ત્યાં સુધી પુસ્તકનું જ્ઞાન કાંઈ કામ લાગશે નહીં.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૮/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
**શિવ** ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ શ્રાવણ સુદ-૯ વર્ષ : ૧૫ અંક : ૨૦૮



**ફ્રી સારવાર** **શ્રેષ્ઠ સારવાર**

...ફ્રી સારવાર...
નીચે મુજબના રોગો માટે દાખલ દર્દીઓની ફ્રી સારવાર સુવિધા..
- હૃદય રોગ, બીપી,ડાયાબિટીસ
- શ્વાસ દમ, ન્યુમોનિયા
- પેરાલીસીસ (પક્ષઘાત) ખેંચ, આંચકી
- ઝાડા-ઉલટી, કમળો, પેટના રોગ
- દરેક પ્રકારના તાવ,મેલેરિયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, વાયરસ
- કિડની, લીવર, આંતરડાના રોગો
- ડાયાલિસિસ વગેરે દર્દીઓની ફ્રી સારવાર સુવિધા



... ઉપલબ્ધ યોજના...
- કેશલેસ મેડીક્લેમ સુવિધા
- આયુષ્યમાન ભારત યોજના
- જી.એસ.આર.ટી.સી. (એસ.ટી.)માન્ય હોસ્પિટલ

**નવજીવન** જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦


## ૨૦ દિવસથી શહેરમાં સફાઈ કાર્ય ઠપ્પ થયા બાદ રાબેતા મુજબ શરૂ થશે

# હાશકારો : અમરેલીમાં ચાલતું સફાઈ કર્મીઓનું આંદોલન સમેટાયુ

**સફાઈ કામદારોની વિવિધ માંગોને લઈને ગંભીરતાથી વિચાર કરવાની ખાત્રી આપવામાં આવી**

**સામાન્ય માંગો સફાઈ એજન્સીને પૂર્ણ કરવા પાલિકાનાં શાસકોએ સુચના આપી**

**સફાઈકર્મીઓને ૮ કલાક સુધી ફરજ બજાવવા માટે સુચન કરવામાં આવ્યું**

**આંદોલનકારી સફાઈકર્મીઓ, પાલિકા પ્રમુખ અને સફાઈ એજન્સી સહિત સૌ કોઈમાં ખૂશી જોવા મળી**



અમરેલી, તા.૧૩

અમરેલી નગરપાલિકામાં સફાઈ એજન્સી ૨૬ કરી સફાઈ કામદારોને નગરપાલિકામાં સીધાજ લઘુત્તમવેતનમુજબલેવાનીમાંગણીઓ સાથે છેલ્લાવીસદિવસથીપાલિકાકચેરી ખાતે ધરણાં ઉપર ઉતરેલા કામદારોને પાલિકાના અધિકારક્ષેત્રમાં ન આવતી માંગણીઅંગેહાલનીએજન્સીમાંપૂરતા વેતનસાથેલેવાઅનેનવાસેટઅપઅંગે સરકારમાં દરખાસ્ત કરવા અંગે પદાધિકારીઓ સાથે સમજૂતી સધાતા આંદોલનનોસુખદઅંતઆવતાશહેરમાં છવાયેલ ગંદકીના ગંજ હટવાની શહેરીજનોએઆશાસેવેલહતી. પ્રાપ્તવિગતમુજબઅમરેલી નગરપાલિકાનીસફાઈએજન્સીમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## પૂર્ણિમા શેરીમાં રહેતા રજનીભાઈ સલ્લા નામનાં

# ખાંભાનાં યુવકનું કંટાળા જળાશયમાં પગ લપસી જવાથી મોત નિપજયુ

અમરેલી, તા. ૧૩

ખાંભા પુર્ણિમાં શેરીમાં રહેતા રજનીભાઈ ત્રિભુવનદાસ સલ્લા નામનાં ૪૦ વર્ષિય વેપારી યુવક તા. ૧૨/૮નાસવારનાસાડાઆઠેકવાગ્યાની

અનુસંધાન પાના ૬ ઉપર


શુભઆરંભ સ્કીન ઓપીડી સોમવારથી ગોળ હોસ્પિટલમાં

હવે... અમરેલી ગોળ હોસ્પિટલમાં સ્કિનની સારવાર ઉપબ્ધ

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL





Dr Raj Patolia
MBBS, MD (Skin)

સમય :
દરરોજ બપોર પછી ૫:૦૦ વાગ્યા થી સાંજના ૮ :૦૦ વાગ્યા સુધી

વધુ માહિતી માટે સંપર્ક કરો

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
Mobile : 99789 66629

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો જેવા કે ધાધર, ખરજવું, ખસ, ચેપી રોગો, એલર્જી, શીળસ, ગૂમડાં, રસી વગેરેનું નિદાન તથા સારવાર .
- ચેહરા પર દાઝ, કાળા ડાઘ, આંખના કુંડાળા, મોઢામાં ચાંદી વગેરેનું નિદાન તથા સારવાર.
- તમામ ખીલ, ખીલના ડાઘ તેમજ ખીલના ખાડાની સારવાર.
- નખને લાગતા તમામ રોગોનું નિદાન તેમજ સારવાર.
- વાળને લાગતા રોગો જેવા કે વાળ ખરવા, ટાલ પડવી, ઊંદરી થવી, માથાની ધાધર, ખોળો, જૂ પડવી નું નિદાન તથા સારવાર.
- નખને લાગતા રોગ જેવા કે નખની ધાધર, બટકતા નખ, નખમાં રસી ભરાવા સોરિયાસિસ વગેરેની તપાસ તથા સારવાર.
- અન્ય રોગો જેવા કે સોરિયાસીસ, સફેદ ડાઘ, ચેપી તથા સદા મસા, કપાસી, વગેરેની સારવાર.
- રક્તપિત, જાતીય રોગો વગેરેની તપાસ, ચોક્કસ નિદાન તેમજ સારવાર.


## ૩ વર્ષ પહેલા બનેલ બનાવનો કેસ સેશન્સ કોર્ટમાં ચાલી જતા

# અમરેલીનાં મોટા ખાટકીવાડમાં ગૌવંશ કાપી તેમનું લોહી પાલિકાની ગટરમાં છોડનાર આરોપીને ૧૦ વર્ષની સજા

**આરોપીને રૂપિયા ૨.૦૫ લાખનાં દંડની સજાની હુકમ થયો**



વકીલ-સી.બી. મહેતા



પી.આઈ. પી.વી. પલાસ

અમરેલી, તા.૧૩

અમરેલીના બહારપરામાં આવેલમોટાખાટકીવાડવિસ્તારમાંહિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું કૃત્ય કરી ગૌવંશ કાપી તેમનું લોહી પાલિકાની ગટરમાં નાંખી જાહેરમાં ઉપદ્રવ ફેલાવનારએકશખ્સનેસીટીપોલીસે૫૦ કિલોગૌમાંસતથાકતલકરવાનાસાધનો સાથે આશરે અઢી વર્ષ પહેલાં ઝડપી લીધેલ હતો. આ અંગેનો કેસ અત્રેની સેશન્સકોર્ટમાંચાલીજતાંકોર્ટેઆરોપીને ૧૦વર્ષનીસખતકેદતથારૂપિયા


અનુસંધાન પાના ૬ ઉપર


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
62,550/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


## હિન્દુ-મુસ્લિમ એકતાનાં પ્રતિક

# સાવરકુંડલનાં સૈયદ દાદાબાપુ કાદરીનું ટુંકી બીમારી બાદ નિધન

**સમગ્ર જિલ્લાએ એક પવિત્ર વ્યકિતને ગુમાવી દીધા**



અમરેલી, તા. ૧૩

સાવરકુંડલાનાં સૈયદ દાદાબાપુકાદરીનુંઆજેટૂંકીબીમારી બાદ અમરેલીનાં ખાનગી દવાખાને નિધનથતાંમુસ્લિમસમાજમાંશોકનો માહોલછવાયોછે.

પીરે તરીકેત સૈયદ દાદાબાપુ કાદરીને ૪ દિવસ પહેલા શ્વાસ લેવામાં તકલીફ થતી હોય અમરેલીનાં ખાનગી દવાખાને સારવારમાં ખસેડાયા બાદ તેઓની તબિયત સ્થિર હતી અને આજે મોડી સાંજેતેઓએઅંતિમશ્વાસલેતાસમગ્ર મુસ્લિમસમાજઅનેહિન્દુ-મુસ્લિમ એકતાનાં પ્રતિક સમાન પવિત્ર વ્યકિતનાં નિધનથી હિન્દુ સમાજમાં પણશોકનોમાહોલછવાયોછે.

સૈદયદાદાબાપુકાદરીએ લાખો વ્યકિતઓને વ્યસન મુકત બનાવ્યા હતા. તો સાવરકુંડલા ખાતે મહાકાયવિદ્યાસંકુલનુંનિર્માણકર્યુહતું. તેઓનાંસમગ્રદેશમાંલાખોનીસંખ્યામાં સેવકો હોય સૈયદ દાદાબાપુનાં નિધનનાં સમાચારથી શોકનો માહોલછવાયોછે.

## ચાડીયા ગામનાં સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેન દીપાલીબેનની માંગ

# રાજયનાં યુવાનોને કરાર પધ્ધતિની નોકરીની ગુલામીમાંથી મુકત કરો

### દેશનાં અન્ય રાજય હરિયાણામાં ૧.૨૦ લાખ કર્મચારીઓને કાયમી કરાયા હોય તેનું અનુકરણ કરવા માંગ

### કરાર આધારિત કર્મચારીઓને પેન્શન કે પુરતું વેતન સહિતની સવલતો અપાતી નથી

### કાયમી કર્મચારી જેટલી જ ફરજ બજાવનારને પણ તમામ સુવિધા મળવી જોઈએ

### રાજયમાં લાખોની સંખ્યામાં યુવાનો છુટા થવાનાં ભયનાં ઓથારતળે ફરજ બજાવી રહ્યા છે

અમરેલી, તા. ૧૩

આપણો દેશ આઝાદ થયાના ૭૮માં સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ. ત્યારે સરકારી કચેરીઓમાં હજુ પણ ગુલામી સમાન કરાર પધ્ધતી ચાલુ છે. દેશના અનેક લડવૈયાઓ આઝાદી માટે અંગ્રેજો સામે લડયા હતા, આજે લાખો યુવાનો ગુલામી સમાન કરાર આધારીત ભરતીની પધ્ધતી બંધ કરવા અને કરારવાળા કર્મચારીઓને કાયમી કરવા માટે લડત લડી રહ્યા છે.



ગુજરાતમાં વર્ષોથી સરકારના વિવિધ વિભાગમાં કરાર આધારીત કર્મચારીઓની નિમણુંક કરવામાં આવેલ છે, જે તે વિભાગના કાયમી કર્મચારીઓ સાથે ખભે ખભો મીલાવી કાયમી કર્મચારીઓ જેટલો સમય અને તેના જેટલુ કામ પુરી નિષ્ઠા કરાર આધારીત કર્મચારીઓ કરી રહ્યા છે.

કાયમી કર્મચારીઓ સમકક્ષ કામ કરતા કરાર આધારીત કર્મચારીઓને કોઈપણ પ્રકારના લાભો આપવામાં આવતા નથી અને નજીવા પગારમાં કામ લેવામાં આવે છે. આ મોંઘવારીના સમયમાં તેમને આપવામાં આવતા પગારમાં ઘરનું ગુજરાન ચલાવવું ખુબ જ મુશ્કેલ છે. આજના સમયમાં બાળકોના અભ્યાસ, પરિવારના સભ્યોની સારવાર, રોજબરોજની ઘરવખરી ખુબ જ મહેંગી છે આ બધી જરૂરીયાતો નજીવા પગારમાં કરાર આધારીત કર્મચારી પુરી ના કરી શકે.

વર્ષોથી કરાર આધારીત કામ કરતા અનેક કર્મચારીઓની આ કરારમાં નોકરી કરતા કરતા પોતાની વય મર્યાદા પણ પૂર્ણ થયેલ છે જેથી હવે તે અન્ય સરકારી નોકરી પણ મેળવી શકે તેમ નથી. આવા કરારવાળા કર્મચારીઓ પર પોતાના પરિવારની પણ જવાબદારી છે. એટલે જો કરાર ફરીવાર રીન્યુ કરવામાં આવે તો તેને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવું જ મુશ્કેલ બને, લાખો યુવાનો કરાર રીન્યુના થવાની બીક હેઠળ નોકરી કરી રહ્યા છે અને શોષણનો ભોગ બની રહ્યા છે.

આવા લાખો કરાર આધારીત કર્મચારીઓને કાયમી કર્મચારી સમાન તમામ લાભો મળે તથા કાયમી કરવામાં આવે તેવી મુખ્યમંત્રીને ચાડીયા ગ્રામ પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન શ્રીમતી દીપાલીબેન મકવાણા દ્વારા પત્ર લખી રજુઆત કરવામાં આવી હતી.

---

## પાલિકાનાં શાસકો અને બાંધકામ એજન્સીની મિલીભગત હોવાનો આક્ષેપ

# લૂંટો ભાઈ લૂંટો : બગસરામાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી તાજેતરમાં બનેલ પુલમાં બબ્બે ગાબડા પડયા

### પાલિકાનાં શાસકોએ યુધ્ધનાં ધોરણે પુલની મરામત કરવી જોઈએ તેવી માંગ





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરા પાલિકા દ્વારા મેઘાણી હાઈ સ્કુલની પાછળ બનાવામાં આવેલ પુલમાં એકી સાથે બબ્બે ગાબડાં પડતાં શહેરીજનોને ત્યાંથી પસાર થવા માટે પોતાનો જીવ ચપટીમાં લઈને નીકળવુ પડે છે. આ પુલને હજુ માત્ર એક વર્ષ કરતા પણ ઓછો સમય ગાળો વિત્યો હશે ત્યાં તો આ પુલની હાલત કફોડી બની ગઈ છે. જયારે આ પુલમાં એક સાથે બબ્બે ગાબડાં પડયા અને પુલની સાઈડની રેલીંગ પણ તૂટી ગયેલ છે. જેના લીધે ગમે ત્યારે ભયંકર અકસ્માત સર્જાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. પાલિકા દ્વારા શહેરમાં ચાલતા અનેક વિકાસના કામોમાં ફકત ને ફકત પદાધિકારીઓ પોતાના ઘર અને પોતાનો જ વિકાસ થઈ રહેલ હોઈ તેવું લાગી રહેલ છે. જયારે આ પુલ ૯.૧૮ લાખ જેવી માતબર રકમથી તૈયાર થયેલ છે. પરંતુ સરકારના આ રૂપિયાનું આંધણ થઈ ગયું હોઈ તેવું લાગી રહેલ છે. જયારે આ પુલ ૨૦૨૩ ના ૧૨ મહિનામાં જ બનાવવામાં આવ્યો હતો પરંતુ પાલિકા અને કન્સ્ટ્રકશન કંપનીની મિલીભગતના કારણે આ પુલની હાલત કફોડી બની ગઈ છે. જયારે આ વિસ્તારમાં રહેતા લોકો દ્વારા કહેવામાં આવેલ છે કે આ પુલને હજુ તો એક વર્ષ પણ પુર્ણ નથી થયું ત્યાં તો બીજી વખત તૂટી ગયેલ છે. જયારે એક વખત તો પાલિકા દ્વારા માટી નાખીને રિપેર કરવામાં આવેલ હતો પરંતુ હવે તો એકી સાથે બબ્બે ગાબડાં પડયાં છે. ત્યારે પાલિકા દ્વારા આ પુલને ફરી વખત બનાવવામાં આવે તેવી અહીંના લોકો દ્વારા માંગ ઉઠી છે.

---

## એસપીનાં માર્ગદર્શનતળે એલસીબીની કામગીરી

# અમરેલી : મોટા ભંડારીયા ગામે મંદિરમાં ચોરી કરનાર ૨ આરોપીની અટકાયત

### રૂપિયા ૫૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી, તા. ૧૩

અમરેલી તાલુકાના મોટા ભંડારીયા ગામે ગત તા. ૧૦/૭નાં રોજ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ કસવાળા પરિવારના ખોડીયાર માતાજીના મંદિરના દરવાજા તેમજ તાળા તોડી ગેરકાયદેસર પ્રવેશ કરી, માતાજીની મુર્તિ ઉપરનો સોનાનો ટીકો તથા સોનાનો ચાંદલો તથા દાનપેટીમાંથી રોકડા રૂપિયા તથા માતાજીની ચુંદડી (સાડીઓ) નંગ–૮ તેમજ ધાતુના હાર મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦ ની ચોરી કરી લઈ ગયાની પરીમલભાઈ પરશોતમભાઈ કસવાળા (રહે. મોટાભંડારીયા) વાળાએ અજાણ્યા ચોર ઈસમો વિરૂધ્ધ ફરિયાદ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.




અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.બી. ટીમ દ્વારા ચોક્કસ બાતમીના આધારે આરોપી મુકેશ ધુલીયાભાઈ અમલ્યાર તથા દિનેશ સુરવસીંગ અમલ્યાર (રહે. ભંડારીયા ગામની સીમ, મુળ મધ્યપ્રદેશ) વાળા બે પરપ્રાંતીય ઈસમોને રોકડા રૂા. ૭,૦૦૦, બે ધાતુના હાર કિંમત રૂા. ૧,૦૦૦, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ ૧ કિંમત રૂપિયા ૩,૦૦૦, એક મોટર સાયકલ નંબર એમપી–૧૧ એનએ–૫૬૨૭ કિંમત રૂપિયા ૪૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૫૧,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી, મંદિર ચોરીના ગુનો ભેદ ઉકેલવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

---

## જાગૃત નાગરિકે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# લીલીયા મોટાનાં સલડી ગામના તળાવનો સૌની યોજનામાં સમાવેશ કરવા માંગ

### ૨૦ થી વધુ ગામોનાં હિતમાં કાર્ય કરવા માંગ



લીલીયામોટા, તા. ૧૩

લીલીયામોટાંના નવિનભાઈ માદળિયાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે લીલીયાનાં સલડી ગામે આવેલ તળાવ અંદાજે ૧૨૦૦ વીઘા જમીનમાં પથરાયેલ છે. જેમાં ચોમાસાની સિજનમાં પાણી ભરવાથી આજુ બાજુના ગામ દુધાળા, વરસડા, સલડી, કેરીયાનાગસ, ઈશ્વરિયા, દાડમાં, લીલીયા, ગોઢાવદર, દેવળીયા, કણકોટ મોટા, લાલાવદર, અમરેલી જાત્રુડા, મતિરાળા, આંબા, માલવિયા પીપરીયા, વિગેરે ૨૦ થી વધુ ગામોની હજારો હેકટર જમીનમાં કવા તેમજ બોરવેલમાં પાણીના તળ ઉંચા આવવાથી ખેડૂતોને પિયત આપવાથી મોટો ફાયદો થાય છે.

પરંતુ જયારે આ વર્ષમાં નહીવત વરસાદ જેવો સમય હોય ત્યારે તળાવ ખાલી રહેવાના કારણે કૂવા અને બોરવેલમાં પાણીના તળ ખુબ ઊંડા ગયા છે ત્યારે કરોડોના પાક સુકાય જાય છે. તો આના માટે રાજયની સરકારની સૌની યોજના ડેમો તળાવ ભરવાની યોજનામાં સમાવેશ કરવાથી ઉપકરોત ગામોને આશીર્વાદ રૂપ થાય તેમ છે. તેમ અંતમાં જણાવેલ છે.

---

## બાબરાનાં ઈંગોરાળા ગામનાં ૩ ઈસમોએ

# અમરેલીનાં ચિતલ આઉટ પોસ્ટનાં મેદાનમાંથી બાઈકની ઉઠાંતરી કરી

### પોલીસ કર્મીએ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૩

બાબરા તાલુકાના ઈંગોરાળા ગામે રહેતા આરોપી ધર્મેશભાઈ દેવાયતભાઈ ડેર તથા સાથે મોટર સાયકલ પર બે અજાણ્યા ઈસમો ગત તા. ૧૦/૮ના રોજ વ્હેલી સવારમાં સવા છ વાગ્યે એક મોટર સાયકલ ઉપર આવી ચિતલ આઉટ પોસ્ટના કંપાઉન્ડમાં રાત્રી દરમ્યાન અપપ્રવેશ કરી, ચિતલ આઉટ પોસ્ટના બિલ્ડીંગના પાછળના ભાગમાં રાખેલ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન પ્રોહી. કલમ ૬૫ (એએ), ૧૧૬ (બી), ૯૮ (૨) મુજબના ગુન્હાના કામે મુદ્દામાલ પાવતી નં. ૭૮/૨૪ તા. ૯/૮/૨૪ થી કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલનું વાદળી કલરનું હોન્ડા એકટીવા મોટર સાયકલ નંબર વગરનું જેની કિંમત રૂપિયા ૩૦,૦૦૦ નું ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના કર્મી લાલજીભાઈ દિપસંગભાઈ રાઠોડે નોંધાવી છે.

---

## નુરાનીનગરમાં વિસ્તારની ઘટના

# સાવરકુંડલાનાં રહેણાંક મકાનમાંથી ૧.૮૧ લાખનાં મુદ્દામાલની ચોરી

### પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા ગામે આવેલ નુરાનીનગરમાં રહેતા અસ્લમ સતારભાઈ ડુંગરીયા નામનાં ૩૦ વર્ષિય યુવકના બંધ રહેણાંક મકાનમાં ગત તા. ૪/૮ના સવારે ૮ થી સાંજના ૭ના રોજ દિવસ દરમ્યાન કોઈ અજાણ્યા માણસે મકાનમાં પ્રવેશ કરી રૂમના નકુચા તાળા તોડી રૂમમાં રાખેલ પટારાના હુંક તોડી પટારામાં રાખેલ રોકડા રૂપિયા ૧,૨૭,૧૭૩ તથા સોના–ચાંદીના દાગીના રૂપિયા ૫૪,૪૫૪ મળી કુલ રૂપિયા ૧,૮૧,૬૨૭ મત્તાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

# અમરેલી જીલ્લામાં ''એક પેડ મા કે નામ'' અભિયાન અંતર્ગત એક લાખ વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક









વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને પગલે સમગ્ર દેશમાં ''એક પેડ મા કે નામ'' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ પ્રવૃતિઓ શરૂ છે. આ અભિયાન અંતર્ગત રાજયમાં આગામી તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં ૧૨.૨૦ કરોડ વૃક્ષો અને માર્ચ ૨૦૨૫ સુધીમાં ૧૭ કરોડ વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત છે. અમરેલી જીલ્લા વિકાસ અધિકારીનાં માર્ગદર્શનમાં મનરેગા યોજના અને વોટરશેડ યોજના અંતર્ગત સમગ્ર જીલ્લાની ૨૫૭ ગ્રામ પંચાયત અને ૭૫ અમુત સરોવર સહિત ૩૨૭ સ્થળો પર વૃક્ષારોપણ થશે. અભિયાન અંતર્ગત તા. ૧૪ ઓગસ્ટ સુધીમાં એક લાખ વૃક્ષોનું વાવેતર કરવાનો લક્ષ્યાંક છે, જેમાં સ્થાનિક પદાધિકારીઓ અને નાગરિકો જોડાશે. આ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી માટે વધુમાં વધુ લોકો જોડાય તે માટે અમરેલી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામકએ અકે યાદીમાં અનુરોધ કર્યો છે.

## બાબરાનાં તાપડીયા આશ્રમે વન મહોત્સવમાં સંબોધન કરતાં નાયબ દંડક

# અમરેલીને 'લીલીછમ અમરવેલી' બનાવવા પ્રત્યેક વ્યકિત એક વૃક્ષનું કરે વાવેતર

**આગામી એક વર્ષમાં ૨૫ હજાર વૃક્ષ વાવેતરનો સંકલ્પ કરવામાં આવ્યો હોવાનું નાયબ દંડકે જણાવ્યું**

**વન વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવતાં છોડનું જતન કરો : સાંસદ સુતરીયા**

**મહાનુભાવોનાં હસ્તે પ્રમાણપત્ર અને પ્રોત્સાહક કિટ વનકર્મીઓને એનાયત કરાઈ**

**પ્રાંત અધિકારી, નાયબ પોલીસ અધિક્ષક, વન અધિકારી સહિત સૌ ઉપસ્થિત રહ્યા**




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા.૧૩

સમગ્ર રાજયમાં ઘનિષ્ઠ વનીકરણ ઝુંબેશને પ્રોત્સાહન આપવા અને હરિત કવચમાં વધારો કરવાનાઉદ્દેશથીવનતંત્રદ્વારા૭૫માંવન મહોત્સવનીરાજયભરમાંઉજવણીથઈ રહીછે.

આકડીનાભાગરૂપેબાબરા સ્થિત તાપડીયા આશ્રમ મુકામે જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી થઈ હતી. વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી-વડિયા-કુંકાવાવ મતવિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સમારોહમાં સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવિયાસહિતનામહાનુભાવોનાહસ્તે પ્રમાણપત્રઅનેપ્રોત્સાહકકિટઆપીવન કર્મયોગીઓને સન્માનિત કરવામાં આવ્યા. ઉપસ્થિત મહાનુભાવોએ તાપડીયા આશ્રમના પ્રાંગણમાં વડ-પીપળો-અશોક-બોરસલ્લી સહિતના વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું હતુ.

નાયબ દંડકે કહ્યુ કે, 'વૃક્ષોનું જતન કરવું એ આપણા સૌની ફરજ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલી પહેલ 'એક પેડ મા કે નામ' ને સમગ્ર દેશે ઝીલી લીધી છે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તાજેતરમાં જ રાજયકક્ષાનો વનમહોત્સવ ઉજવાયો છે ત્યારે સૌ કોઈ વૃક્ષારોપણને પોતાની ફરજ સમજી અને જતન કરશે તો કોંક્રિટના જંગલના બદલે હરિયાળા શહેરી વિસ્તારોનું નિર્માણ થશે.

કુદરતી આપદાઓના કાળ માં વૃક્ષોનું મહત્વ સમજાય છે. વ્યકિતના જીવનમાં જન્મથી મરણ સુધીની પ્રત્યેક અવસ્થામાં વૃક્ષોનું અનેરૂં મહત્વ છે. અમરેલીને 'લીલીછમ અમરવેલી' બનાવવા માટે જનભાગીદારીથી પ્રત્યેક વ્યકિત એક વૃક્ષ વાવે અને તેનું જતન કરે' તેવો તેમણે અનુરોધ પણ કર્યો હતો.

'વૃક્ષારોપણની આ ઝુંબેશને આગળ ધપાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે અમરેલી વિધાનસભા મત વિસ્તારમાં આગામી એક વર્ષમાં ૨૫,૦૦૦ વૃક્ષો વાવવાનો સંકલ્પ છે. આ કામગીરી માટે મોટી સંખ્યામાં વૃક્ષો વાવવા માટે જે સહકાર આપશે તેમને પાણીના ટાંકા બનાવવા સહાય કરવામાં આવશે.

કાર્યક્રમના પ્રારંભે સાંસદએ તેમના વકતવ્યમાં, નવા સંસદ ભવનના નિર્માણ દરમિયાન ૩ વૃક્ષોને જાળવી અને ભવનનું નિર્માણ કરવામાં આવ્યું તે પ્રેરક દાખલો ટાંકી સૌને વૃક્ષોનું જતન કરવા અને વન તંત્ર દ્વારા વિતરણ કરવામાં આવતા વૃક્ષોનું જતન કરવા અનુરોધ કર્યો હતો.

લાઠી-બાબરા મત વિસ્તારના ધારાસભ્યએ પ્રેરક ઉદ્બોધન કર્યુ હતુ. વૃક્ષારોપણ માટે વન વિભાગ સાથે સહકાર સાધીને એક પેડ મા કે નામ અભિયાનને આગળ વધારવા અનુરોધ કર્યો હતો.

'પ્રકૃતિના જતન' વિષય પર તૈયાર કરવામાં આવેલા નાટકને નાટક મંડળી અને શાળાની વિદ્યાર્થિનિઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોનું ઔષધિય છોડથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌ કોઈએ પર્યાવરણ જતન અને સંવર્ધનના સંકલ્પ લીધા હતા.

આ કાર્યક્રમમાં અમરેલી જીલ્લા મહા મંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, નગરપાલિકા પ્રમુખશ્રી પ્રવિણભાઈ કરકર, તાલુકા પંચાયત-જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યો, રાજકોટ સામાજિક વનીકરણ વર્તુળના વનસંરક્ષક આર. સેન્થીલકુમારન, લાઠી-બાબરા પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, અમરેલી નાયબ પોલીસ અધિક્ષક દેસાઈ, સામાજિક વનીકરણ વિભાગ અમરેલીના સહાયક વન સંરક્ષક શેખ, બાબરા તાલુકા મામલતદાર જાડેજા, બાબરા તાલુકા વિકાસ અધિકારી તેમજ વન તંત્રના મધુબેન અધિકારીઓ-કર્મયોગીઓ, તાપડીયા આશ્રમના મહંતશ્રી, વિદ્યાર્થીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## એસપીની સુચનાથી ડુંગર પોલીસની કામગીરી

# રાજુલા પંથકનાં યુવક સાથે આર્થિક લાભ માટે યુવતીનાં લગ્ન કરાવનાર ગુન્હાનાં આરોપી ઝડપાયા

**પોલીસે ૬ આરોપીને રોકડ સાથે ઝડપી લીધા**

અમરેલી, તા. ૧૩

રાજુલા તાલુકાના ડુંગર ગામે કલ્યાણનગર રેલ્વેસ્ટેશન રોડ ઉપર રહેતા અને ખાનગી નોકરી કરતાં ઉમેશભાઈ મગનભાઈ જાલોંધરા નામનાં ૩૨ વર્ષિય યુવક સાથે ગત તા. ૨૪/૯/૨૩ ના રોજ ડુંગર ગામે રહેતા ધનજીભાઈ કલ્યાણભાઈ જેઠવા, ભાવનગરના ઘોઘા ગામે રહેતા સંજયભાઈ ઉર્ફે વિજયભાઈ રાજુભાઈ મકવાણા તથા જયોતી મહેશભાઈ મકવાણા (રહે. કુંભરવાડા, શેરી નં.૧ નારી રોડ ભાવનગર), પ્રભુભાઈ, સંગીતાબેન સહિતના આરોપીઓએ પોતાના આર્થિક લાભ/ફાયદા માટે યુવક સાથે જયોતીના ખોટા લગ્ન/ફુલહાર કરાવી યુવક સાથે રૂપિયા ૨,૫૦,૦૦૦ ની ઠગાઈ છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.



આ બનાવ અંગે અમરેલી પોલીસ અધિક્ષક હિંમકરસિંહે આરોપીઓને શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જેથી પરીણામલક્ષી કાર્યવાહી કરવા સાવર કુંડલા વિભાગ સારકુંડલા મદદનીશ પોલીસ અધિક્ષક વલય દ્વારા જરૂરી માર્ગદર્શન હેઠળ તપાસ હાથ ધરી તમામ ૬ આરોપીને રોકડ રૂ. ૭૦,૦૦૦ ઝડપી લઈ રિમાન્ડ અર્થે કોર્ટમાં રજુ કરી વધુ તપાસ ડુંગર પોલીસ સ્ટેશનના પોલીસ સબ.ઈન્સ આર.એચ. રતન તથા તેમની ટીમ દ્વારા હાથ ધરાઈ છે.






















### આસારામને રાજસ્થાન હાઈકોર્ટની રાહત

# આસારામને સાત દિવસના પેરોલ મંજૂર, સારવાર માટે બહાર આવશે

**આસારામની તબિયત અચાનક લથડી ગઇ હતી, તેણે છાતીમાં દુખાવો થવાની ફરિયાદ કરતાં જેલના અધિકારીઓએ તેને જોધપુર એઇમ્સ હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ બાદ દાખલ કરાયા**

રાજસ્થાન, તા.૧૩

બળાત્કાર કેસમાં આજીવન જેલની સજા ભોગવી રહેલા આસારામને રાજસ્થાન હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. કોર્ટે સારવાર માટે આસારામના ૭ દિવસના પેરોલ મંજૂર કર્યા છે. હકિકતમાં, જોધપુર સેન્ટ્રલ જેલમાં સજા ભોગવી રહેલા આસારામની તબિયત અચાનક લથડી હતી. જે બાદ રાજસ્થાન હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટીસ પુષ્પેન્દ્ર સિંહ ભાટીની બેન્ચે તેને પોલીસ કસ્ટડીમાં સારવાર માટે મહારાષ્ટ્ર જવા વચગાળાના પેરોલની મંજૂરી આપી છે.

નોંધનીય છે કે, આસારામની તબિયત અચાનક લથડી ગઈ હતી, તેણે છાતીમાં દુખાવો થવાની ફરિયાદ કરતાં જેલના અધિકારીઓએ તેને જોધપુર એઈમ્સ હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ બાદ દાખલ કરાયો હતો. આસારામની તબિયત ખરાબ થવાના સમાચાર સાંભળતા જ એઈમ્સ હોસ્પિટલ બહાર તેના સમર્થકોની ભીડ જામી હતી. આસારામને ૨૦૧૮માં જોધપુરની વિશેષ POCSO કોર્ટે તરૂણ બાળકી સાથે બળાત્કાર કરવા બદલ આજીવન જેલીની સજા સંભળાવી હતી.આસારામ ૨ સપ્ટેમ્બર ૨૦૧૩થી જેલમાં બંધ છે. પીડિતાએ તેની ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે, ૧૫ ઓગસ્ટ, ૨૦૧૩ની રાતે આસારેમે તેના જોધપુર પાસેના આશ્રમમાં બોલાવી તેના પર બળાત્કાર આચર્યું હતું. પાંચ વર્ષોથી વધુ સમય ચાલેલી સુનાવણી બાદ પોક્સો અદાલતે આસારામને દોષિત ઠરાવી આજીવન જેલની સજા આપી હતી. પાછલા વર્ષે ગુજરાતની પણ એક કોર્ટે આસારામને ૨૦૧૩માં તેના સુરત આશ્રમમાં મહિલા અનુયાયી સાથે બળાત્કાર કરવાના આરોપમાં દોષિત ઠરાવ્યો હતો. અગાઉ પણ ૮૫ વર્ષીય આસારામે માંદગીનો હવાલો આપી ઘણી વાર પેરોલની માંગ કરી હતી. ગત ૨૦જૂને પણ તેણે કોર્ટ પાસે ૨૦ દિવસના પેરોલની માંગ કરી હતી, પરંતુ ત્યારે પેરોલ કમિટિએ તેને રાહત આપી નહોતી. જે બાદ આસારામે માંદગીનું કારણ આપી તેની સજા સસ્પેન્ડ કરવા રાજસ્થાન હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જો કે, હાઈકોર્ટે પણ તેની અરજી રદ કરી હતી. ત્યાર બાદ આસારામે હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જો કે, સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઈકોર્ટના ચુકાદા પર હસ્તક્ષેપ કરવાની મનાઈ કરી હતી અને સારવારની મંજૂરી માગવા રાજસ્થાન હાઈકોર્ટમાં પુનઃઅરજી કરવા જણાવ્યું હતું.નોંધનીય છે કે, આસારામનો પુત્ર નારાયણ સાંઈ પણ રેપ કેસમાં આજીવન જેલની સજા ભોગવી રહ્યો છે. સુરતની એક મહિલાએ તેના પર ૨૦૦૨થી ૨૦૦૫ વચ્ચે યૌન શોષણ અને વારંવાર બળાત્કાર કરવાનો આરોપ લગાવી પોલીસમાં ફરિયાદ દાખલ કરી હતી. પીડિતાની ફરિયાદના આધારે પોલીસે તેની ધરપકડ કરી હતી. જે બાદ સુરતની એક કોર્ટે ૨૬ એપ્રિલ ૨૦૧૯ના રોજ તેને બળાત્કાર, અપ્રાકૃતિક યૌન સંબંધ અને પીડિતાને ધમકાવવા બદલ આજીવન જેલની સજા આપી હતી.

### વક્ફ સુધારા બિલને લઈને જેપીસી રચાઈ

# લોકસભાના ૨૧ અને રાજયસભાના દસ સભ્યોનો સમાવેશ કરાયો

**જેપીસી આગામી પાર્લામેન્ટરી સત્રના પ્રથમ સપ્તાહના અંતે તેનો રિપોર્ટ આપશે**

નવી દિલ્હી, તા.૧૩

સરકારે વક્ફ સુધારા બિલને લઈને જેપીસી રચી છે. તેમા લોકસભાના ૨૧ અને રાજયસભાના દસ સભ્યોનો સમાવેશ કરાયો છે. જેપીસી આગામી પાર્લામેન્ટરી સત્રના પ્રથમ સપ્તાહના અંતે તેનો રિપોર્ટ આપશે.

ભારતીય જનતા પાર્ટી (BJP)ના લોકસભા સાંસદ જગદંબિકા પાલ વિવાદાસ્પદ વક્ફ (સુધારા) બિલની તપાસ કરવા માટે સંયુક્ત સંસદીય સમિતિ (JPC)નું નેતૃત્વ કરશે, એમ પીટીઆઈએ મંગળવારે અહેવાલ આપ્યો હતો.જેપીસીમાં કુલ ૩૧ સભ્યો છે, જેમાં લોકસભામાંથી ૨૧ અને રાજયસભાના ૧૦ સભ્યો છે અને આગામી સંસદ સત્રના પ્રથમ સપ્તાહના અંત સુધીમાં તેનો અહેવાલ સુપરત કરશે.વક્ફ (સુધારા) બિલ, ૨૦૨૪ એ ૮ ઓગસ્ટે લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું, જે સંયુક્ત સંસદીય પેનલને સંદર્ભિત કરવામાં આવ્યું હતું, કારણ કે ઘણા વિપક્ષી સભ્યોએ આ બિલની ફેડરલ માળખા પરની સંભવિત અસર અને ધાર્મિક સ્વાયત્તતા પરના કથિત અતિક્રમણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ૪૦ સૂચિત ફેરફારો સાથે, વક્ફ (સુધારા) બિલ વર્તમાન વક્ફ કાયદાની કેટલીક જોગવાઈઓને રદ કરવા માંગે છે જે વક્ફ બોર્ડનું સંચાલન કરે છે. તે આ સંસ્થાઓમાં મુસ્લિમ મહિલાઓ અને બિન-મુસ્લિમોનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવાના પગલાં સહિત નોંધપાત્ર ફેરફારો પણ સૂચવે છે.

લોકસભા અને રાજયસભાએ ૯ ઓગસ્ટના રોજ કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન કિરેન રિજિજુ દ્વારા ખસેડવામાં આવેલ એક પ્રસ્તાવને અપનાવ્યો હતો, જેઓ સંસદીય બાબતોનો પોર્ટફોલિયો પણ ધરાવે છે, જેમાં સભ્યોને સમિતિનો ભાગ બનવાનું નામ આપવામાં આવ્યું હતું.

નોટિફિકેશન મુજબ, પેનલના ૧૨ સભ્યો સત્તાધારી નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) ના છે જેમાં આઠ ભાજપના અને નવ વિપક્ષના છે. જો કે, રાજયસભામાં, ચાર સાંસદો સત્તાધારી ભાજપમાંથી, ચાર વિપક્ષના, એક YSRCPમાંથી છે, જેણે બિલનો વિરોધ કર્યો છે અને એક નામાંકિત સભ્ય છે.

### ફરીથી વિવાદમાં ફસાયો મુનવ્વર ફારુકી

# બીજેપી નેતાએ પાકિસ્તાન મોકલવાની ધમકી આપી

**મુનવ્વર ફારુકી પર મહારાષ્ટ્રના કોંકણી સમુદાયના લોકો માટે અપશબ્દોનો ઉપયોગ કરવાનો આરોપ છે**

મુંબઈ, તા.૧૩

બિગ બોસ ૧૮ના વિજેતા અને ફેમસ સ્ટેન્ડઅપ કોમેડિયન મુનવ્વર ફારુકી ફરી એકવાર વિવાદમાં છે. મુનવ્વર ફારુકી પર મહારાષ્ટ્રના કોંકણી સમુદાયના લોકો માટે અપશબ્દોનો ઉપયોગ કરવાનો આરોપ છે, જેના કારણે કોંકણી સમુદાય મુનવ્વરનો વિરોધ કરી રહ્યો છે.કૉમેડિયનને ચેતવણી આપવામાં આવી હતી કે તે શક્ય તેટલી વહેલી તકે તેની અપમાનજનક ભાષા માટે માફી માંગે અથવા તેને 'કચડી નાખવામાં આવશે'. સમગ્ર વિવાદ બાદ હવે મુનવ્વરે માફી માંગી લીધી છે.

સ્ટેન્ડઅપ કૉમેડિયન મુનવ્વરે ગયા અઠવાડિયે એક શો કર્યો હતો, જેમાં તેણે મહારાષ્ટ્રના કોંકણી સમુદાય પર ટિપ્પણી કરી હતી અને અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. કોંકણી સમુદાય માટે મુનવ્વરે જે શબ્દોનો ઉપયોગ કર્યો હતો તેના પર વિવાદ થયો હતો. કોંકણી સમાજના લોકો મુનવ્વર પર રોષે ભરાયા હતા.

શિવસેનાના એકનાથ શિંદે જૂથના નેતા, ધારાસભ્ય અને મુંબઈના સિદ્ધિવિનાયક મંદિરના ટ્રસ્ટી સદા સરવણકરના પુત્ર સમાધાન સરવંકરે એક ટ્વિટમાં કહ્યું છે કે જે કોઈ મુનવ્વરને મારશે તેને ૧ લાખ રૂપિયા ઈનામ આપવામાં આવશે .

બીજી તરફ ભાજપના નેતા નીતીશ રાણે પણ મુનવ્વર પર ગુસ્સે થયા હતા. તેને મુનવ્વર પર ગુસ્સો આવ્યો અને કહ્યું, 'તારા જેવા સાપને પાકિસ્તાન મોકલવામાં વધુ સમય નહીં લાગે.તું કોંકણ લોકો માટે અપશબ્દનો પ્રયોગ કરી રહ્યો છે. જો માફી નહીં માંગે તો અમે પાકિસ્તાન મોકલવામાં સમય બગાડીશું નહીં.આ સમગ્ર વિવાદ બાદ મુનવ્વરે એક વીડિયો શેર કરીને પોતાના શબ્દો માટે માફી માંગી છે. મુનવ્વરે કહ્યું- 'થોડા સમય પહેલા એક શો હતો જેમાં ક્રાઉડ વર્ક કરવામાં આવ્યું હતું, દર્શકો સાથે ઈન્ટરેક્શન થઈ રહ્યું હતું. તે દરમિયાન કોંકણ વિશે વાત થઈ, પણ થોડી ગેરસમજ થઈ. કેટલાક લોકોને લાગે છે કે મેં કોંકણી સમુદાય વિશે કંઈક ખોટું કહ્યું છે. તેની મજાક કરી છે પણ એવું ન હતું. કોઈને દુઃખ પહોંચાડવાનો મારો કોઈ હેતુ નહોતો.

'તે ભીડનું કામ હતું. વાતચીત દરમિયાન મારા મોઢામાંથી એ વાત નીકળી ગઈ. પણ મેં જોયું કે અમુક લોકોનું દિલ તૂટી ગયું હતું. મારું કામ લોકોને હસાવવાનું છે, તેથી હું નથી ઈચ્છતો કે કોઈને દુઃખ થાય. હું નિષ્ઠાપૂર્વક માફી માંગવા માંગુ છું. જેને ખરાબ લાગ્યું તેને માફ કરશો.તે શોમાં પણ બધા જ હતા. ત્યાં મરાઠી, હિંદુ, મુસ્લિમ, બધા લોકો હતા. પરંતુ જ્યારે આવી વસ્તુઓ ઈન્ટરનેટ પર આવે છે, ત્યારે તેની જાણ થાય છે. કોઈને દુઃખ પહોંચાડવાનો મારો ઈરાદો નહોતો. હું તમારા બધાની માફી માંગુ છું. જય હિંદજય મહારાષ્ટ્ર.

### કેજરીવાલની માંગ ફગાવી

# દિલ્હીમાં સ્વતંત્ર દિવસે આતિષી ધ્વજ નહીં ફરકાવી શકે

**સીએમ કેજરીવાલ જેલમાં છે અને તેમણે આતિષીને આ વખતે સ્વતંત્રતા દિવસે તેમની જગ્યાએ ત્રિરંગો ધ્વજ ફરકાવવાની માંગ કરી હતી**

નવી દિલ્હી, તા.૧૩

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે છઠ્ઠં મંત્રી આતિષીને સ્વતંત્રતા દિવસના અવસરે તેમના સ્થાને ત્રિરંગો ધ્વજ ફરકાવવાની માંગ કરી હતી, જેને સામાન્ય વહીવટ વિભાગે ફગાવી દીધી છે. વિભાગના આ જવાબથી સ્પષ્ટ થાય છે કે ગોપાલ રાયે ધ્વજ ફરકાવવા અંગે લખેલા પત્રનું કોઈ મહત્વ નથી. વિભાગે સ્પષ્ટ કર્યું છે કે ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરીના કાર્યક્રમો માટે નિયમો પહેલેથી જ છે અને તેમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. છત્રશાલ સ્ટેડિયમમાં ૧૫ ઓગસ્ટની તૈયારીઓ ચાલી રહી છે. હવે એલજી ઓફિસ નક્કી કરશે કે ૧૫ ઓગસ્ટના રોજ ધ્વજ કોણ ફરકાવશે.

ગોપાલ રાયે પોતાના પત્રમાં લખ્યું હતું કે તેઓ સીએમ કેજરીવાલને મળ્યા છે અને સીએમ કેજરીવાલ ઈચ્છે છે કે છઠ્ઠં મંત્રી આતિષી આ વખતે સ્વતંત્રતા દિવસના અવસર પર ત્રિરંગો ધ્વજ ફરકાવે.

તેના પર સામાન્ય વહીવટ વિભાગે કહ્યું કે સીએમ કેજરીવાલ જેલમાંથી કોઈ લેખિત કે મૌખિક આદેશ આપી શકે નહીં. તેથી આ માન્ય રહેશે નહીં. ૧૫ ઓગસ્ટના કાર્યક્રમ અંગે સીએમ ઓફિસને જાણ કરવામાં આવી છે અને ત્યાંથી જવાબ મળ્યો કે સીએમ હજુ જેલમાં છે.

સામાન્ય વહીવટ વિભાગે તેના જવાબમાં લખ્યું છે કે અમે આ બાબત ઉચ્ચ અધિકારીના ધ્યાન પર લાવી છે કે દિલ્હીમાં કોણ ધ્વજ ફરકાવશે. તેમના જવાબની રાહ જોઈ રહ્યા છીએ.

એટલે કે હવે વિભાગે એલજી ઓફિસને આ અંગે પૂછ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, એલજી ઓફિસ આ સંબંધમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરફથી જે પણ સૂચન આવશે તેને જ સ્વીકારશે. મતલબ કે ૧૫ ઓગસ્ટે દિલ્હીમાં કોણ ધ્વજ ફરકાવશે તે હવે કેન્દ્રીય ગૃહ મંત્રાલય જ નક્કી કરશે.

### અવમાનની નોટિસ પર પોતાનો આદેશ સુરક્ષિત રાખ્યો હતો

# બાબા રામદેવને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત, લેખિત માફી માંગ્યા બાદ બંધ થયો કેસ

**ભવિષ્યમાં પતંજલિ ઉત્પાદનોને લઈને ભ્રામક જાહેરાતો અને ભ્રામક દાવા કરવામાં આવશે નહીંઃ બાબા રામદેવ**

નવી દિલ્હી, તા.૧૩

સુપ્રીમ કોર્ટે યોગગુરુ બાબા રામદેવ અને પતંજલિ આયુર્વેદના આચાર્ય બાલકૃષ્ણ સામેના અવમાનના કેસને બંધ કરીને તેમને મોટી રાહત આપી છે. રામદેવ અને બાલકૃષ્ણએ લેખિતમાં માફી માંગી હતી અને કહ્યું હતું કે, "ભવિષ્યમાં પતંજલિ ઉત્પાદનોને લઈને ભ્રામક જાહેરાતો અને ભ્રામક દાવા કરવામાં આવશે નહીં." સુપ્રીમ કોર્ટે ૧૪ મેના રોજ ભ્રામક જાહેરાતના કેસમાં યોગગુરુ બાબા રામદેવ, તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ અને પતંજલિ આયુર્વેદ લિમિટેડને આપવામાં આવેલી અવમાનની નોટિસ પર પોતાનો આદેશ સુરક્ષિત રાખ્યો હતો. અગાઉ, પતંજલિ આયુર્વેદ લિમિટેડે સુપ્રીમ કોર્ટને જાણ કરી હતી કે, તેમણે ૧૪ ઉત્પાદનોનું વેચાણ અટકાવ્યું હતું, જેનાં ઉત્પાદન લાયસન્સ એપ્રિલમાં ઉત્તરાખંડ રાજ્ય લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. કંપનીએ જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠને કહ્યું હતું કે, તેમણે ૫,૬૦૬ ફ્રેન્ચાઈઝી સ્ટોર્સને આ પ્રોડક્ટ્સ પાછી ખેંચી લેવાનો નિર્દેશ આપ્યો છે. આ પછી બેંચે પતંજલિ આયુર્વેદને એફિડેવિટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે, એક સોગંદનામું દાખલ કરીને કહેવું પડશે કે, જાહેરાતો દૂર કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ થકી કરવામાં આવેલી વિનંતીઓનો અમલ કરવામાં આવ્યો છે અને આ ૧૪ ઉત્પાદનોની જાહેરાતો પાછી ખેંચી લેવામાં આવી છે.સુપ્રીમ કોર્ટ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં પતંજલિ પર કોવિડ રસીકરણ અભિયાન અને આધુનિક તબીબી પ્રણાલીઓ વિરુદ્ધ ખોટા માહિતી અભિયાન ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ઉત્તરાખંડ રાજ્ય લાઈસન્સિંગ ઓથોરિટીએ કોર્ટને જણાવ્યું હતું કે, પતંજલિ આયુર્વેદ લિમિટેડ અને દિવ્યા ફાર્મસીના ૧૪ ઉત્પાદનોના ઉત્પાદન લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### ગુજરાત સરકાર એક્શનમા

# લાંબા સમયથી સ્કૂલમાં ગેરહાજર રહેલા ૧૩૪ શિક્ષકો સસ્પેન્ડ કરાયા

**બનાસકાંઠામાં ૧૮, છોટાઉદેપુરમાં ૧૬ અને અન્ય જિલ્લાઓમાં પણ સસ્પેન્ડ થયેલાને બરતરફ ઓર્ડર પકડાવવામાં આવ્યાં છે**

ગાંધીનગર, તા.૧૩

શિક્ષકો સામે સરકાર એક્શનમાં આવી ગઈ છે. રાજ્યમાં શાળામાંથી ગાયબ થયેલા અથવા તો સસ્પેન્ડ થઈને ઘરે બેઠા પગાર મેળવતા શિક્ષકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શિક્ષણ વિભાગને મળેલી માહિતીના આધારે શાળામાં ગેર હાજર રહેતા ૧૩૪ શિક્ષકોને સસ્પેન્ડ કરાયા છે. બીજી તરફ કેટલાક શિક્ષકો સામે પોલીસ કાર્યવાહી પણ કરવામાં આવી છે. આણંદ,કચ્છ અને રાજકોટના શિક્ષક સામે પોલીસ કેસ કરવામાં આવ્યો છે.

બનાસકાંઠામાં ૧૮, છોટાઉદેપુરમાં ૧૬ અને અન્ય જિલ્લાઓમાં પણ સસ્પેન્ડ થયેલાને બરતરફ ઓર્ડર પકડાવવામાં આવ્યાં છે.

ગુજરાતમાં શાળામાં ફરજ હોવા છતાં કેટલાક શિક્ષકો લાંબી રજાઓ લઈને વિદેશમાં સ્થાઈ થઈ ગયાં છે. આવા શિક્ષકો સામે ફરિયાદો ઉઠતાં સરકાર અને શિક્ષણ વિભાગ સફાળો જાગ્યો છે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે.નગર શિક્ષણ સમિતિ હસ્તકના ૬૦ શિક્ષકો વિદેશ પ્રવાસે છે. જેમાંથી ૪૪ શિક્ષકોને નોટિસ પાઠવવામાં આવી છે. તો નગર શિક્ષણ સમિતિ હસ્તકના ૩ શિક્ષકો બરતરફ અને ૩ના રાજીનામા સ્વીકારાયા છે. બિનઅધિકૃત રીતે ગેરહાજર રહેતા ૫૮ શિક્ષકોને નોટિસ પાઠવી કાર્યવાહી કરાઈ છે.ગુજરાતમાં છેલ્લાં ૨ વર્ષમાં ૧૫૧ શિક્ષકો ૩ માસ કરતાં વધુ સમય સુધી ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. જેમાં ૬૦ શિક્ષકો વિદેશ પ્રવાસે ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસ કેસના કારણે ૩ જ્યારે માંદગીના કારણે ૧૮ શિક્ષકો ગેરહાજર છે. કચ્છમાં સૌથી વધુ ૧૩ શિક્ષકો બિન અધિકૃત રીતે ગેરહાજર હોવાનું જણાવવામાં આવ્યું છે. જ્યારે ગાંધીનગરમાં સૌથી વધુ ૧૩ શિક્ષકો વિદેશ પ્રવાસને કારણે ગેરહાજર હોવાનું સામે આવ્યું છે. શિક્ષકો સહિતના તમામ સ્ટાફની રજાના નિયમોમાં મોટા ફેરફાર કરવા માટે હવે સરકાર તખ્તો તૈયાર કરી રહી છે. આ માટે ખાસ કરીને લાંબી રજા પર જનારા કર્મચારીઓ માટે ખાસ નિયમો બનશે. માંદગી અને અંગત કારણો સહિતના કિસ્સામાં લાંબા સમયગાળા માટે રજા પર ઊતરનારા કર્મચારીઓને આ નવા નિયમો લાગુ થશે.

### અમારી કોઈ સંડોવણી નથી તેમ અમેરિકાએ કહ્યું

# યુ.એસ.એ કટોકટીમાં સરકારની સંડોવણીના આરોપોને નકારી કાઢ્યા

**બાંગ્લાદેશમાં હિંસા બાદ અમેરિકાએ પહેલીવાર રાજકીય તખ્તાપલટના આરોપોનો જવાબ આપ્યો**

અમેરિકા , તા.૧૩

બાંગ્લાદેશમાં હિંસા બાદ અમેરિકાએ પહેલીવાર રાજકીય તખ્તાપલટના આરોપોનો જવાબ આપ્યો છે અને કહ્યું છે કે તેમાં અમારી કોઈ સંડોવણી નથી. તમને જણાવી દઈએ કે શેખ હસીનાએ કહ્યું હતુ કે આમાં અમેરિકાનો હાથ હોઈ શકે છે. બાંગ્લાદેશમાં હિંદુઓ પર તાજેતરના હુમલાઓ સામે વ્હાઈટ હાઉસની બહાર વિરોધ પ્રદર્શનમાં બોલતા, વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ જીન પિયરે કહ્યું કે યુએસ પરિસ્થિતિ પર નજર રાખશે.અમેરિકાએ બાંગ્લાદેશમાં સત્તાપલટો અને રાજકીય ઉથલપાથલના પોતાના પર લાગેલા આરોપોને સંપૂર્ણપણે ફગાવી દીધા છે અને કહ્યું છે કે તેમાં અમારી કોઈ સંડોવણી નથી. યુ.એસ.એ કટોકટીમાં સરકારની સંડોવણીના આરોપોને નકારી કાઢ્યા છે, જેણે દેશભરમાં વિરોધ પ્રદર્શનમાં સેંકડો લોકોના મોતને જોયા છે.

તમામ અહેવાલો અને અફવાઓને નકારી કાઢતા, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી, કેરીન જીન પિયરે સોમવારે એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "આમાં અમારી કોઈ સંડોવણી નથી. કોઈપણ વાતચીત અથવા આવા અહેવાલો ફક્ત એક અફવા છે કે યુનાઈટેડ સ્ટેટ્સ સરકારનો આમા સમાવેશ છે. આ બાબત સંપૂર્ણ જૂઠાણું છે."જીન પિયરે વધુમાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશી જનતાએ બાંગ્લાદેશી સરકારનું ભવિષ્ય નક્કી કરવું જોઈએ. તે તેમના માટે અને તેમના વતી પસંદગી છે. આવી ઘટનામાં અમેરિકાનો હાથ હોવાનો કોઈપણ આક્ષેપ ચોક્કસપણે ખોટો અને તદ્દન ખોટો છે.બાંગ્લાદેશમાં હિંદુઓ પર તાજેતરના હુમલાઓ સામે વ્હાઈટ હાઉસની બહાર વિરોધ પ્રદર્શનમાં બોલતા, વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ જીન પિયરે કહ્યું કે યુએસ પરિસ્થિતિ પર નજર રાખશે. આનાથી આગળ મારી પાસે કહેવા કે ઉમેરવા માટે કંઈ નથી. જ્યારે અહીં કોઈપણ પ્રકારના માનવાધિકાર મુદ્દાની વાત આવે છે, ત્યારે અમારા રાષ્ટ્રપતિ જાહેરમાં અને ખાનગી બંને રીતે સ્પષ્ટ રીતે બોલવામાં ખૂબ જ સુસંગત રહ્યા છે અને તેઓ આમ કરવાનું ચાલુ રાખશે.તાજેતરમાં, યુએસ સ્થિત વિદેશ નીતિ નિષ્ણાત અને વિલ્સન સેન્ટરમાં દક્ષિણ એશિયા સંસ્થાના ડિરેક્ટર માઈકલ કુગેલમેને શેખ હસીનાની હકાલપટ્ટીના મોટા પાયે બળવા પાછળ વિદેશી હસ્તક્ષેપના આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે આ દાવાઓને સમર્થન આપતા કોઈપણ પ્રકારના પુરાવા મળ્યા નથી.કુગેલમેને કહ્યું હતું કે વિરોધીઓ પર હસીના સરકારની કડક કાર્યવાહીથી આંદોલન વધી ગયું છે. આ માટે મારો અભિગમ ખૂબ જ સરળ છે. હું તેને એક કટોકટી તરીકે જોઉં છું જે સંપૂર્ણ રીતે આંતરિક પરિબળો, વિદ્યાર્થીઓ કે જેઓ કોઈ ચોક્કસ મુદ્દાથી નાખુશ હતા, નોકરીના ક્વોટા જે તેઓને પસંદ ન હતા અને તેઓ સરકાર વિશે ચિંતિત હતા. શેખ હસીના સરકારે વિદ્યાર્થીઓ પર ખૂબ જ કડક પગલાં લીધા અને આ પછી આંદોલન ઘણું મોટું થઈ ગયું અને તે ફક્ત આંતરિક પરિબળોથી પ્રેરિત હતું.કુગેલમેને શેખ હસીનાના પુત્ર સજીબ વાજેદ જોયના આક્ષેપોને નકારી કાઢ્યા હતા, જેમણે વિરોધની પાછળ વિદેશી હસ્તક્ષેપ હોવાનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે અશાંતિ "આંતરિક પરિબળો" દ્વારા ચલાવવામાં આવી હતી.

### ક્વાત્રા ભારતીય દૂતાવાસમાં વાણિજ્ય પ્રધાન હતા

# વિનય મોહન ક્વાત્રાએ યુએસમાં ભારતના રાજદૂત તરીકેનો ચાર્જ સંભાળ્યો

**વિનય મોહન ક્વાત્રા ભૂતપૂર્વ વિદેશ સચિવ અને તરનજીત સિંહ સંધુના સ્થાને**

અમેરિકા, તા.૧૩

ભૂતપૂર્વ વિદેશ સચિવ વિનય મોહન ક્વાત્રાએ મંગળવારે યુનાઈટેડ સ્ટેટ્સમાં ભારતના રાજદૂત તરીકેનો ચાર્જ સંભાળ્યો છે. ક્વાત્રા યુનાઈટેડ સ્ટેટ્સમાં ભારતના ભૂતપૂર્વ રાજદૂત અને ભાજપના નેતા તરનજીત સિંહ સંધુના સ્થાને છે."યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં ભારતના રાજદૂત તરીકેનો ચાર્જ સંભાળવાનો વિશેષાધિકાર. ટીમ @IndianEmbassyUS આ નિર્ણાયક ભાગીદારીને મજબૂત કરવા માટે સઘન રીતે કામ કરવાનું ચાલુ રાખશે," ક્વાત્રાએ ઠ પરની પોસ્ટમાં જણાવ્યું હતું.વોશિંગ્ટન ડીસીમાં ભારતીય દૂતાવાસના ડેપ્યુટી એમ્બેસેડર શ્રીપ્રિયા રંગનાથને યુએસમાં નવા રાજદૂતનું સ્વાગત કર્યું. "યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં ભારતના નવા રાજદૂત તરીકે રાજદૂત વિનય મોહન ક્વાત્રાનેં સ્વાગત કરતાં આનંદ થયો. અમે બધા @IndiainUSA તેમના નેતૃત્વમાં કામ કરવા માટે ઉત્સાહિત છીએ!" યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમે યુએસમાં ભારતના નવા રાજદૂતનું સ્વાગત કર્યું, "USISPF @AmbVMKwatraનું યુ.એસ.માં ભારતીય રાજદૂત તરીકેનો કાર્યકાળ શરૂ કરતા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરે છે, અમે તેમને સફળ અને ઉત્પાદક કાર્યકાળની શુભેચ્છા પાઠવીએ છીએ અને તેમની સાથે નજીકથી કામ કરવા માટે આતુર છીએ.

૧૪ જુલાઈના રોજ, વિદેશ મંત્રી એસ. જયશંકરે વિદાય લઈ રહેલા વિદેશ સચિવ ક્વાત્રાને છેલ્લા એક દાયકામાં ભારતની વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષામાં તેમના નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરી.ક્વાત્રાએ અગાઉ વિદેશ મંત્રાલય અને વડા પ્રધાન કાર્યાલયમાં સંયુક્ત સચિવ તરીકે પણ સેવા આપી છે. જયશંકરે તેમના કાર્યકાળ દરમિયાન નિર્ણાયક નીતિઓ ઘડવા અને અમલમાં મૂકવાની તેમની વ્યૂહાત્મક કુશળતા માટે ક્વાત્રાની પ્રશંસા કરી હતી.ક્વાત્રાએ મે ૨૦૧૦ થી જુલાઈ ૨૦૧૩ સુધી વોશિંગ્ટન ડી.સી.માં ભારતીય દૂતાવાસમાં મંત્રી (વાણિજ્ય)નો હોદ્દો પણ સંભાળ્યો છે. જુલાઈ ૨૦૧૩ અને ઓક્ટોબર ૨૦૧૫ ની વચ્ચે, તેમણે વિદેશ મંત્રાલયના નીતિ આયોજન અને સંશોધન વિભાગનું નેતૃત્વ કર્યું અને ત્યારપછી વડા તરીકે કાર્ય કર્યું. અમેરિકા ડિવિઝન, જ્યાં તેમણે યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા સાથે ભારતના સંબંધોનું સંચાલન કર્યું. લગભગ ૩૨ વર્ષના અનુભવ સાથે, ક્વાત્રાએ ભારતમાં અને વિદેશમાં ભારતીય મિશનમાં વિવિધ ભૂમિકાઓમાં સેવા આપી છે. ક્વાત્રા એવા સમયે અમેરિકામાં ભારતના રાજદૂતની ભૂમિકા નિભાવે છે જ્યારે બંને દેશો વચ્ચેના સંબંધો ચરમસીમાએ છે. સોમવારે વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ જો બિડેન યુએસ-ભારત સંબંધોને વૈશ્વિક સ્તરે સૌથી મહત્વપૂર્ણ માને છે, નોંધ્યું છે કે બંને રાષ્ટ્રો નિર્ણાયક પ્રાથમિકતાઓ પર "નજીથી કામ કરે છે". હાઈલાઈટ કર્યું કે યુએસ QUAD સહિત આવશ્યક મુદ્દાઓ પર ભારત સાથે સહયોગ કરે છે."તો જુઓ, રાષ્ટ્રપતિ આપણા સંબંધોને, યુનાઈટેડ સ્ટેટ્સના ભારત સાથેના સંબંધોને વિશ્વમાં સૌથી વધુ પરિણામરૂપ ગણે છે. અને તેથી અમે આ નિર્ણાયક અને ઉભરતી તકનીક પર ક્વાડ અને યુએસ-ભારત પહેલ સહિત અમારી સૌથી મહત્વપૂર્ણ પ્રાથમિકતાઓ પર ભારત સાથે નજીકથી કામ કરીએ છીએ," જીન પિયરે જણાવ્યું હતું.

### ભારે વરસાદની આગાહી

# ૨૨ રાજ્યોમાં ૭ દિવસ સુધી મનમૂકીને વરસશે વરસાદ

નવી દિલ્હી, તા.૧૩

હવામાન વિભાગે દેશના ૨૨ રાજ્યોમાં આગામી સાત દિવસ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. પૂર્વ રાજસ્થાન, ઉત્તરાખંડ, કેરળ અને તમિલનાડુ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાત, હિમાચલ પ્રદેશ, હરિયાણા, પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, સિક્કિમ, નાગાલેન્ડ, પશ્ચિમ બંગાળ અને કર્ણાટકમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. હિમાચલ પ્રદેશમાં ધોધમાર વરસાદ અને ભૂસ્ખલનને કારણે બે રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૧૯૭ રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યા છે. ઉનાના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાયા છે. ૩૧મી જુલાઈએ કુલ્લુ, મંડી અને શિમલા જિલ્લામાં વાદળ ફાટવાથી આવેલા અચાનક પૂરમાં ગુમ થયેલા ૩૦ લોકોની શોધખોળ હજુ પણ ચાલુ છે. અત્યાર સુધીમાં ૨૮ મૃતદેહો મળી આવ્યા છે. રાજયમાં ૨૭ જૂનથી નવમી ઓગસ્ટ સુધીમાં વરસાદના કારણે ૧૧૦થી પણ વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. હવામાન વિભાગ મુજબ, રાજસ્થાનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪.૬૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. ધોલપુર, કરૌલી, ભરતપુર, દૌસા, ટોંક, સવાઈ માધોપુર અને જયપુરમાં સતત વરસાદને કારણે ઘણાં વિસ્તારોમાં પાણી ભરાયા છે. સવાઈ માધોપુર જિલ્લામાં ડેમ તૂટવાને કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને લોકોના ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા છે. ભારે વરસાદને કારણે રણથંભોરમાં ૧૦૦થી વધુ લોકો ફસાયા છે, તેમને બચાવવા માટે રેસ્કયૂ ઑપરેશન ચાલી રહ્યું છે.

# લીલીયામોટા ખાતે ધારાસભ્ય મહેશ કસવાલાની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રા યોજાઇ



સમગ્ર દેશમાં સ્વતંત્ર પર્વ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાનનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે અમરેલી જિલ્લામાં પણ સ્વતંત્ર પર્વ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાનનો અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં ઠેર ઠેર તિરંગા યાત્રાઓ યોજવામાં આવી રહી છે. ભારતની આન, બાન અને શાન એવા તિરંગાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર દેશ રાષ્ટ્ર ભકિતના રંગે રંગાઈ ગયેલ છે. ત્યારે આજરોજ લીલીયા મોટા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના અધ્યક્ષ સ્થાને તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સૌ પ્રથમ ધારાસભ્ય દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુએ ફુલહાર કરવામાં આવેલ ત્યારબાદ વડવાળા ચોક ખાતે આવેલ સરદાર સાહેબના સ્ટેચ્યુને ફુલહાર કરી તિરંગા યાત્રાને ધારાસભ્યની ઉપસ્થિતિમાં પ્રસ્થાન કરવામાં આવેલ. યાત્રા સરદાર સાહેબના સ્ટેચ્યુએથી શહેરના વિવિધ માર્ગો પર દેશભકિતમય વાતાવરણ સાથે ભ્રમણ કરેલ ત્યારે લીલીયાના સરપંચ જીવનભાઈ વોરા દ્વારા ૨૨૫ ફૂટનો રાષ્ટ્રધ્વજ બનાવવામાં આવેલ જે લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયેલ હતો. આ તકે લીલીયા પીએસઆઈ એસ.આર. ગોહિલના માર્ગદર્શન તળે લીલીયા પોલીસ સ્ટાફ, હોમગાર્ડ જવાનો, જી.આર.ડી. જવાનો મોટી સંખ્યામાં યાત્રામાં જોડાયા હતા તેમજ આ તકે લીલીયા મામલતદાર જયરામભાઈ દેસાઈ, તાલુકા હેલ્થ ઓફિસર સિધ્ધપુરા, જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી, મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, કાનજીભાઈ નાકરાણી, કેતન ઢાંકેચા, પ્રભારી મગનભાઈ કાનાણી, વિનિયન અને વાણિજય કોલેજના પ્રોફેસર રાજેન્દ્રસિંહ રાઠોડ, નોડલ અધિકારી કિશોરભાઈ આચાર્ય, ટીપીઓ મકવાણા, આઈસીડીએસ વિભાગમાંથી પ્રભાબેન સહિત લીલીયા તાલુકા પંચાયતના સદસ્યો, સરપંચો, તાલુકા ભાજપના સેલ મોરચાના હોદ્દેદારો, આશા વર્કર બહેનો, આંગણવાડીના બહેનો, સ્કૂલના વિદ્યાર્થીઓ, તમામ વિભાગના કર્મચારી ગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલાનાં થોરડી ગામે

અથડામણ ન થઈ શકતા સિંહે ચાલતી પકડી હતી. આ સમગ્ર ઘટના ત્યાંના સીસીટીવી કેમરામાં કેદ થયા બાદ તે વીડિયો વાયરલ થવા માપેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ સાવર કુંડલા તાલુકાના થોરડી ગામે આવેલ ગેશાળા નજીક બે ડાલામાથ્થા સિંહ રવિવારે રાત્રીના સમયે આવી ચડયા હતાં. પરંતુ આ ગેશાળામાં રહેતા બે પાલતુ શ્વાનને સિંહ આવી ચડ્યાની જાણ થતાં જ સિંહો ગેશાળાના ગેઈટ પર લોખંડની જાળીને કુદી અને અંદર ખાબકે અને ગાયનો શિકાર કરે તે પહેલાં જ આ બે શ્વાન ગૌશાળાના ગેઈટ પર આવી સિંહ સામે મોરચો માંડી દેતા સિંહોએ પણ ગૌશાળાના ગેઈટ પર લોખંડની જાળી સામે અથડામણ કરી હતી.

સિંહોએ ગેશાળાના ગેઈટ પર લોખંડની જાળી હલબલાવી નાંખવા આ ગેશાળાના ગેઈટ પર લોખંડની જાળી અર્ધી ખુલી જતાં એક શ્વાન સિંહોને પડકાર ફેંકતો હોય તેમ દરવાજાની બહાર આવી ગયો હતો. આ સમગ્ર ઘટના ત્યાંના સીસીટીવી કેમરામાં કેદ થયા બાદ તે વીડિયો વાયરલ થવા માપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## લાઠીનાં (હરસુરપુર) દેવળીયા ગામનાં

હોય. જેનાથી કંટાળી ખેડૂત યુવકના પિતાજીએ તા. ૧૧ના સવારે ૮ થી રાત્રીના ૧૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે પોતાની જાતે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી લેતા ભવાનભાઈ વસાણીયાનું સારવાર દરમ્યાન મરણ ગયેલ હોય અંગે પોતાના પિતાને મજબુર કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ખાંભાનાં યુવકનું કંટાળા જળાશયમાં

આસપાસ ખાંભાથી પોતાનું મોટર સાયકલ લઈ કંટાળા ગામે આવેલ ભીમપુરી બાપુના આશ્રમે શ્રાવણ માસના સોમવાર નિમિત્તે દર્શન કરવા જતા હતાં. ત્યારે રસ્તામાં ખાંભા તાલુકાના કંટાળા ગામનો ડેમ આવેલ હોય જેથી તેમણે ડેમના પાળે મોબાઈલ તથા મોટર સાયકલ મુકી ડેમના પાણીમાં હાથ–પગ ધોવા જતા અકસ્માતે તેમનો પગ લપસી જતા તે ડેમના ઉંડા પાણીમાં ડુબી જવાથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૫૨ | ૧૫૪૮ |
| ૨ | જીરૂ | ૪૫૮૦ | ૪૮૦૦ |
| ૩ | ઘઉં | ૪૮૬ | ૫૨૪ |
| ૪ | તલ | ૨૨૫૫ | ૨૪૩૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૬૧ | ૧૧૮૧ |
| ૨ | શિંગ મોટી | ૮૬૫ | ૧૨૪૧ |
| ૩ | શિંગદાણા ફાડા | ૮૭૦ | ૧૫૩૨ |
| ૪ | તલ સફેદ | ૧૫૫૫ | ૨૬૮૦ |
| ૫ | તલ કાળા | ૩૧૦૦ | ૩૪૭૬ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૪૧૫ |
| ૭ | બાજરો | ૪૫૫ | ૪૬૦ |
| ૮ | જુવાર | ૬૫૫ | ૬૫૫ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૦૨ | ૫૬૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૬૭ |
| ૧૧ | મગ | ૧૪૫૩ | ૧૬૭૬ |
| ૧૨ | ચણા | ૯૨૧ | ૧૪૨૨ |
| ૧૩ | તુવેર | ૧૪૭૨ | ૧૬૦૦ |
| ૧૪ | કપાસ | ૮૮૨ | ૧૫૪૨ |
| ૧૫ | એરંડા | ૯૬૫ | ૧૧૭૯ |
| ૧૬ | જીરૂ | ૪૧૦૦ | ૪૬૭૦ |
| ૧૭ | ધાણા | ૭૬૬ | ૧૨૮૦ |
| ૧૮ | મેથી | ૬૫૦ | ૧૧૧૬ |
| ૧૯ | સોયાબીન | ૭૬૬ | ૮૨૯ |

## અમરેલી : સિનિયર સિટીઝન્સ સોસાયટી દ્વારા વનભોજન કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧૩

છેલ્લા ૧૮ વર્ષથી ચાલતા સિ.સિ.મંડળ અમરેલીમાં દર માસે વૈવિધ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. પવિત્ર શ્રાવણ માસ ચાલતો હોય બાલહનુમાન આશ્રમ ખાતે વનભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

પ્રાર્થના બાદ પ્રમુખ રવજીભાઈ કાચા દ્વારા વડિલોને આવકાર આપવામાં આવ્યો. ગત માસે થયેલ ૧૮માં વાર્ષિક ઉત્સવમાં મંડળ દ્વારા રવજીભાઈ કાચા સંપાદિત પુસ્તિકા અપરાહન વિષે વડીલોએ સારા અભિપ્રાય આપ્યા. અને આભા વ્યકત કર્યો. બિનાબેન દ્વારા વર્ષાગીત, તરૂબેન દ્વારા શીતળા સાતમની વાર્તા, ભારતીબેન પંડયાનું ભજન, કિરણભાઈ નાઢાએ ગીત રજુ કર્યુ.

ભોજન સ્પોન્સર શારદાબેન, હર્ષાબેન પાઠક, શોભનાબેન જોષી, જયોદત્સાબેન પાઠક, ભારતીબેન પંડયા, ગીતાબેન ત્રિવેદી અને હર્ષાબેન દવેનું ખજાનચી પટોળીયાભાઈ દ્વારા અભિવાદન થયું. ટોમભાઈએ આભાર વ્યકત કર્યો. તરૂબેનનું સંચાલન સરસ હતું. રાષ્ટ્રગીત બાદ સૌ વડિલો સમૂહમાં લાડું, થેપલા, સૂકીભાજી, રોટલા, મગ, દહીં, ગોળ, મચ્ચાં, છાશ સાથે કુદરતી વાતાવરણમાં જમી આંનદ માણયો અને છૂટા પડયા તેમ કનુભાઈ જોષીની યાદીમાં જણાવાયું છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં ગાવડકા ગામ નજીક

રેલીંગ ઘણા સમયથી તૂટી ગયેલ છે અવારનવાર તંત્રને રજૂઆત કરવા છતાં પણ આ બ્રિજની તૂટેલી રેલીંગ કરવામાં આવતી નથી. આ બ્રિજ ઉપરથી આ નેશનલ હાઈવેના બ્રિજ ઉપરથી રોજબરોજ હજારો વાહનો પસાર થતા હોય છે તો ગમે ત્યારે તૂટેલી રેલીંગના લીધે અકસ્માત થવાનો ભય રહેલો છે, શેત્રુંજી નદી ઉપરથી પસાર થતા નેશનલ હાઈવેના બ્રિજની તૂટેલી રેલીગનું કામ ઝડપથી કરવા અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરીએ માંગ કરી છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | – | ૧૧૨૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૩૧ |
| ૩ | શીંગ દાણા | ૧૨૦૦ | – |
| ૪ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૪૫૨ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૨૧૨ |
| ૬ | જીરૂ | ૪૩૦૦ | ૪૭૪૧ |
| ૭ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૮ | ૬૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૯ |
| ૧૦ | બાજરો | ૪૨૦ | ૫૦૯ |
| ૧૧ | જુવાર | ૪૪૫ | ૫૦૦ |
| ૧૨ | મગ | ૧૪૯૯ | ૧૫૬૪ |
| ૧૩ | ચણા | ૧૨૩૫ | ૧૪૭૫ |
| ૧૪ | તુવેર | ૧૭૦૦ | – |
| ૧૫ | સોયાબીન | ૭૦૦ | ૮૧૮ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીમાં ચાલતું સફાઈ કર્મીઓનું

કામ કરતા સફાઈ કામદારો અજન્સી રદ કરી નગરપાલિકા દ્વારા સીધા જ લઘુત્તમ વેતન મુજબ સફાઈ કામદારમાં લેવાની માંગણીઓ સાથે છેલ્લા વિસ દિવસથી ધરણાં ઉપર ઉતરેલ હતા. પરંતુ તેઓની માંગણી નગરપાલિકાના અધિકાર ક્ષેત્રમાં આવતી ન હોવાના કારણે સમાધાન અશકય હતું. જે અંગે નગરપાલિકા કમિશ્નર ભાવનગરે પણ લઘુત્તમ વેતન આપવાનું નગરપાલિકાના અધિકાર ક્ષેત્રમાં આવતું ન હોવાના કારણે એજન્સી સાથે બેસી તેમની સામે પૂરતું વેતન અંગે રજૂઆત કરવા જણાવેલ હતું.

આજે નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનીષ ધરજીયા, દંડક દિલાભાઈ વાળા, પૂર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવાની મધ્યસ્થીથી આજે આંદોલનનો સુખદ અંત આવેલ હતો. જેમાં હાલની એજન્સી સાથે સફાઈ કામદારો બેસીને પૂરતા વેતનની માંગણી કરવી તેમજ હાલની એજન્સીની મુદત પુરી થયા બાદ પાલિકા દ્વારા સરકારમાં આવા સફાઈ કામદારોને લઘુત્તમ વેતન મુજબ લેવા માટે દરખાસ્ત કરવી. હાલની એજન્સી દ્વારા સફાઈ કામદારોને પૂરતું વેતન આપે તે માટે સફાઈ કામદારો એજન્સી સાથે બેઠક કરે અને પૂરતા વેતન અંગે માંગણી કરે.


## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

**મોજે.– માવજીંજવા ગામ, તાલુકો–બગસરા, જિલ્લો–અમરેલી**
**રેવન્યુ સર્વે નંબર–૧૫૭/૨ પૈકી ૨, ના હે.આરે.ચો.મી. ૨–૪૦–૭૯ વાળી જમીનના ખાતા નંબર–૫૦૪**

અમો યોગેશભાઈ ડી. દવે (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

**મોજે.– માવજીંજવા ગામ, તાલુકો–બગસરા, જિલ્લો–અમરેલી રેવન્યુ સર્વે નંબર–૧૫૭/૨ પૈકી ૨, ના હે.આરે.ચો.મી. ૨–૪૦–૭૯ વાળી જમીનના ખાતા નંબર–૫૦૪** વાળી બિન પિયત ખેતીની જમીન **(૧) શ્રી મનોજભાઈ શામજીભાઈ હીરપરા તથા દિનેશકુમાર શામજીભાઈ હીરપરા, બન્ને મુળ માવજીંજવા, હાલ–સુરત**ના સ્વતંત્ર નામે આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પૈઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત/લીઝ લાયસન્સ/કબ્જો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સંબંધકર્તાએ વાંધો–તકરારની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૫ (પંદર) માં દરસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશી જતો યાને (વેવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહીં.

તા. ૧૪/૦૮/૨૦૨૪
સ્થળ: મોટી કુંકાવાવ

**એડવોકેટ & નોટરી યોગેશ ડી. દવે** (B.Com., LL.B.)
મો.નં. ૯૧૦૬૧ ૫૦૬૧૦, મો.નં. ૯૪૨૬૩ ૯૮૯૬૦
શારદાર શોપીંગ સેન્ટર, ઓફિસ નં.૪૬, મોટી કુંકાવાવ, તા. વડીયા, જી.અમરેલી


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૪૦ | ૫૫૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૪૨ | ૫૪૩ |
| ૪ | સોયાબીન | ૭૭૨ | ૭૮૬ |
| ૫ | તલ સફેદ | ૧૫૫૦ | ૨૪૨૬ |
| ૬ | ઈસબગુલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૭ | અજમા | ૧૫૧૦ | ૧૫૧૦ |
| ૮ | રાય | ૬૬૦ | ૬૬૦ |
| ૯ | ધાણા | ૧૦૧૫ | ૧૨૦૦ |
| ૧૦ | મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં મોટા ખાટકીવાડમાં

૨,૦૫,૦૦૦ના દંડની સજાનો હુકમ કર્યો હતો.

આ બનાવમાં અમરેલીના બહારપરામાં આવેલ કસ્બાવાડમાં આવેલ મોટા ખાટકીવાડમાં રહેતા આરોપી આસિફ અલારખભાઈ તરકવડીયાએ ગત તા. ૬/૧૧/૨૦૨૧ના રોજ અમરેલીમાં આવેલ બહારપરામાં આવેલ મોટા ખાટકીવાડમાં વિસ્તારમાં હિન્દુ ધર્મની લાગણી દુભાય તેવું કુત્ય કરી ગૌવંશ કાપી તેમનું લોહી પાલિકાની ગટરમાં નાંખી જાહેરમાં ઉપદ્રવ ફેલાવનાર આરોપીને ૫૦ કિલો ગૌમાસ તથા કતલ કરવાના સાધનો સાથે ઝડપી પાડેલ હતો. આ અંગે જે તે સમયે અમરેલી સીટી પોલીસના એ.એસ.આઈ. બહાદુરભાઈ દાનાભાઈ વાળાએ ફરિયાદ નોંધાવી હતી. જયારે બનાવની તપાસ પી.આઈ.પી.વી.પલાસ દ્વારા હાથ ધરી હતી.

આ અંગેનો કેસ અત્રેની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે સેશન્સ જજ રિઝવાના બુખારીએ આ કેસના સ્પે.સરકારી વકીલ સી.બી.મહેતાની ધારદાર દલીલોને માન્ય રાખી આ કામના આરોપી આસિફ અલારખભાઈ તરકવડીયાને ૧૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૨,૦૫,૦૦૦ ના દંડની સજાનો હુકમ કર્યો હતો.


## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

**મોજે.–અરજણસુખ ગામ, તાલુકો–કુંકાવાવ/વડીયા, જિલ્લો–અમરેલી**
**રેવન્યુ સર્વે નંબર–૩૦૪ પૈકી ૩, ના હે.આરે.ચો.મી. ૧–૫૬–૮૨ વાળી જમીનના ખાતા નંબર–૩૫૨**

અમો યોગેશભાઈ ડી. દવે (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

**મોજે.– અરજણસુખ ગામ, તાલુકો–કુંકાવાવ/વડીયા, જિલ્લો–અમરેલી રેવન્યુ સર્વે નંબર–૩૦૪ પૈકી ૩, ના હે.આરે.ચો.મી. ૧–૫૬–૮૨ વાળી જમીનના ખાતા નંબર–૩૫૨** વાળી બિન પિયત ખેતીની જમીન **(૧) શ્રી વધાસીયા પુનાભાઈ રણછોડભાઈ** ના સ્વતંત્ર નામે આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બિન બોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પૈઢી કે સંસ્થા કે કોઈ પણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત હિસ્સો, સંબધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબ્જો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સંબંધકર્તાએ વાંધો–તકરારની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૫ (પંદર) માં દરસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશી જતો યાને (વેવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહીં

તા. ૧૪/૦૮/૨૦૨૪
સ્થળ: મોટી કુંકાવાવ

**એડવોકેટ & નોટરી યોગેશ ડી. દવે** (B.Com., LL.B.)
મો.નં. ૯૧૦૬૧ ૫૦૬૧૦, મો.નં. ૯૪૨૬૩ ૯૮૯૬૦
શારદાર શોપીંગ સેન્ટર, ઓફિસ નં.૪૬, મોટી કુંકાવાવ, તા. વડીયા, જી.અમરેલી


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૧ | ૧૧૦૧ |
| ૨ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૪૯૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૪૬૧ |
| ૪ | બાજરો | ૫૧૩ | ૬૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૭૮ |
| ૬ | જુવાર | ૪૪૦ | ૮૪૦ |
| ૭ | ચણા | ૧૩૦૧ | ૧૩૪૦ |
| ૮ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |

# અમરેલીના દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીએ ગગનમાં તિરંગો લહેરાવ્યો



જે દેશના નાગરીકોમાં રાષ્ટ્રવાદ-દેશભકિત ઠાસોઠાસ ધરબાયેલી હોય તે રાષ્ટ્ર હરસવન પડકારોને પહોંચીવળવા સક્ષમ હોય છે,દેશમાં રાષ્ટ્રભકિત બળ વતર બનાવવા અને સ્વમાન-બધુત્વભાવના ઉજાગર કરવા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ હર ઘર તિરંગાનુ આહવાન કરેલ છે તે અંતર્ગત રાષ્ટ્રિય સહકારી નેતા દિલીપ સઘાણીએ અમરેલી ખાતેના નિવાસ સ્થાને ગગનમાં તિરંગો લહેરાવ્યો હતો.

આ તકે શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મહામંત્રી રાજેશભાઈ માગરોળીયા, ડેરી પ્રમુખ અશ્વિનભાઈ સાવલીયા, પ્રદેશ યુવા મોરચા ઉપાધ્યક્ષ મનીષ સઘાણી, શહેર તિરંગા યાત્રા ઈન્ચાર્જ તુષાર વાણી સહિત પરિજનો ઉપસ્થિત રહ્યા તેમ અખબારી યાદીના અંતમાં જણાવાયેલ છે.

### જમીનની જીવંત ફળદ્રુપ શક્તિને માપવાનું માપદંડ એટલે 'જીવદ્રવ્ય'

## જીવદ્રવ્યના લીધે જમીનની સારી સંરચના થાય છે અને વરસાદનું પાણી જમીનમાં ઉતરે છે

### એક દેશી ગાયના ૦૧ ગ્રામ છાણમાં ૩૦૦-૫૦૦ કરોડ સુક્ષ્મજીવાણુ છે

અમરેલી, તા. ૧૩

રાજયને આગામી વર્ષોમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુક્ત બનાવવા માટે રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માર્ગદર્શન હેઠળ રાજયભરમાં પ્રાકૃતિક કૃષિ અન્વયે મિશન મોડમાં પ્રયાસો શઢ છે. ખેડૂતોને, પ્રાકૃતિક કૃષિની તાલીમ અને તેની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિમાં ઝાડ-છોડ મૂળનો ખોરાક ભંડાર જીવદ્રવ્ય (હ્યુમસ)ને કહેવામાં આવે છે. જીવદ્રવ્ય એ અમૃત છે. જમીનની જીવંત ફળ દ્રુપ શક્તિને માપવાના માપદંડને 'જીવદ્રવ્ય' કહેવામાં આવે છે. ખેડૂતો સુક્ષ્મજીવાણુ અને જીવદ્રવ્યના મહવને સમજે તો જમીનની ફળદ્રુપતા વધારવામાં મદદ મળી શકે છે. રાજયપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા લખવામાં આવેલા પ્રાકૃતિક કૃષિના પુસ્તકમાં જીવદ્રવ્યના પ્રાકૃતિક ખેતીમાં મહત્વ વિશે સમજાવવામાં આવ્યું છે. જીવદ્રવ્ય શું છે? જીવદ્રવ્ય એ થોડાં લાલશ અને ઘેરા કાળા રંગનો અસંખ્ય પદાર્થોથી બનેલો એક એવો સમૂહ છે, જેમાં વનસ્પતિ પદાર્થ, પ્રાણી, જીવાણું, કીટકો અને સુક્ષ્મજીવાણું આ બધા મરેલા શરીરને સુક્ષ્મજીવાણુઓથી વિઘટીત કરીને મુક્ત કરવામાં આવે છે. એના પછી જીવદ્રવ્યમાં ૫૦ થી ૬૦ ટકા કાર્બન અને ૦૬ ટકા નાઈટ્રોજન હોય છે. જેમાં કાર્બન અને નાઈટ્રોજનનું પ્રમાણ ૧૦:૧ હોય છે. આ પ્રમાણ સૌથી સારી ફળદ્રુપ અને ઉપજાઉ જમીનમાં રહેલું હોય છે. જયારે ૧૦ કિલો કાર્બનથી ૧ કિલો નાઈટ્રોજન હવામાં ભળે છે, ત્યારે જીવદ્રવ્ય બને છે. જીવદ્રવ્યનાં નિર્માણમાં વનસ્પતિઓનું મૃત શરીર અગત્યની ભૂમિકા ભજવે છે.

કાર્બન, નાઈટ્રોજન પ્રમાણને (૧૦:૧) સ્થિર રાખવા માટે છાયડામાં એક અથવા બે પ્રકારના આવરણ ઢાંકવા જરૂરી છે. જે માટે શેરડીનું ભૂસું, ઘઉંનું ભૂસુ, ચણા, મસુર, તુવેર, અડદ, મગનાં ભૂસાનું મિશ્રણ કરવાથી કાર્બન અને નાઈટ્રોજનનું પ્રમાણ બનાવી શકાય છે. જેથી વધારેમાં વધારે જીવદ્રવ્યનું નિર્માણ થઈ શકે. એક દળીય અને દ્વિદળીયવાળા પાકોને ઢાંકવાથી વધારેમાં વધારે જીવાણું વધે છે.

દેશી ગાયના છાણમાં સૌથી વધારે જીવાણુનું મેળવણ (જામન) હોય છે. કેમ કે એક દેશી ગાયના ૧ ગ્રામ છાણમાં ૩૦૦ થી ૫૦૦ કરોડ સુક્ષ્મજીવાણુ હોય છે. વધારે જીવાણુ હોવાને લીધે વધારેમાં વધારે જીવાણુઓના મૃત્યુ પછી તેના શરીર પ્રક્રિયાઓના અંતે સડે છે અને કાર્બન અને નાઈટ્રોજનનનું પ્રમાણ ૧૦:૦૧ હોવાથી હ્યુમસનું નિર્માણ વધારેમાં વધારે થાય છે.

જીવદ્રવ્યની અગત્યતા: જીવદ્રવ્યમાં સર્જન અને વિઘટન બન્ને પ્રક્રિયા એક સાથે સંળગ ચાલતી રહે છે. જીવદ્રવ્ય પાકના મૂળને ખોરાક આપતો અગત્યનો સ્ત્રોત જ નથી પરંતુ અસંખ્ય સુક્ષ્મ જીવાણુઓના માધ્યમથી ખોરાક આપવાવાળો સ્ત્રોત પણ છે. જીવદ્રવ્યમાં ખોરાક તત્વોને અદલ-બદલ કરવાની અદભુત ક્ષમતા હોય છે. જમીનમાં જીવદ્રવ્યની હાજરીથી જમીન બહુ જ નરમ, મુલાયમ, કોમળ, મૃદુ, કણાકાર અને હવાની અવર-જવર કરવા વાળી બને છે. જેનાથી જમીનની સારી સંરચના હોવાથી વરસાદનું પાણી જમીનમાં ઉતરી જાય છે અને જમીનના જળ સ્રોતોમાં જમા થઈ જાય છે.

૦૧ દિવસમાં ૦૧ કિલો જીવદ્રવ્ય હવાથી ૦૬ લીટર પાણી શોષી લે છે. હવામાં આખા વર્ષ દરમ્યાન ૩૫ થી ૯૦ ટકા સુધીનો ભેજ હોય છે. જીવદ્રવ્ય હવામાંથી શોષી છોડના મૂળ અને જીવાણુઓ સુધી પહોચાડી દે છે. જીવદ્રવ્ય વાતાવરણ અને જમીનમાંથી મોટા પ્રમાણમાં જે ભેજ લે છે એ ભેજને પોતાના શરીરમાં સંગ્રહ કરે છે.

જીવદ્રવ્યનું શરીર સ્પંજ જેવું હોય છે જે પાણી શોષે છે અને એમનામાંથી થોડું પાણી છોડના મૂળ માટે તથા થોડું પાણી સુક્ષ્મ જીવાણુઓના ઉપયોગ માટે કરે છે. જીવદ્રવ્ય માટીના કણોની સાથે પોતાને બાંધીને તેને કણોનાં સ્વરૂપમાં બદલી નાખે છે અને સાથે ચીકણા કણોની ચિકાશ પણ સમાપ્ત કરી દે છે.

આ પ્રકિયાથી જીવદ્રવ્ય માટીના કણોને ગોળાકાર, કણાકાર, મુલાયમ અને હવાદાર બનાવે છે. જીવદ્રવ્ય બધી જાતના પાકોના મૂળ ને ખોરાક તત્વોની પુરતી કરે છે. જીવદ્રવ્ય સુક્ષ્મ જીવાણુંઓના વિકાસ માટે જરૂરી ખોરાક, તત્વ અને ઉર્જા આપવા માટે અગત્યની ભૂમિકા ભજવે છે. **આલેખન : જય મિશ્રા**

## બાબરા : શ્રી મહાકાળનાં મંદિરે ભગવાન શિવને તિરંગાનો શણગાર



બાબરા તા.૧૩

બાબરામાં ભગવતપરા વિસ્તારમાં આવેલ શ્રી મહાકાળના મંદિરે પવિત્ર શ્રાવણ માસમાં ભાવિકોની ભારે ભીડ જામે છે અહીં મહાદેવને શણગાર કરવામાં આવે છે તેમજ દીપ માળા, મહાઆરતી, મહાપુજા સહિતના કાર્યક્રમો યોજાય છે. શ્રાવણ માસના બીજા સોમવારે મંદિરના પૂજારી પર્વતગીરી બાપુ શ્રી મહાકાળના ને તિરંગાનો શૃંગાર કરવામાં આવ્યો હતો દેશમાં તિરંગાયાત્રા નો માહોલ સર્જાયો છે ત્યારે અહીં મહાદેવ પણ દેશભકિતના માહોલમાં તિરંગાના શ્રૃંગાર કરવામાં આવ્યો હતો.

## કોટડાપીઠા : શીતળા માતાનાં મંદિરે શીતળા સાતમે પૂજા કરાઈ



કોટડાપીઠા તા.૧૩

રાજકોટ-ભાવનગર સ્ટેટ હાઈવે પર કોટડાપીઠા-ઉટવડ વચ્ચે આવેલ શીતળા માતાના મંદિરે શીતળા સાતમની ધાર્મીક તેમજ ઉત્સાહ પૂર્વક આસ્થાભર ઉજવણી કરવામાં આવેલ.

શીતળા માતાને કુલરનો પ્રસાદ, શ્રીફળ, અગરબતી, ઘીનો દીવો વગેરે દ્વારા માતાજીની આસ્થાપુર્વક ભકિતમય રીતે મહીલાઓ, બાળકો તેમજ ભકતજનો વહેલી સવારથી ઉમટી પડયા હતા.

શીતળા માતાનાં મંદિર ખાતે ફળફળાદી સ્ટોલ, રાખડીનાં સ્ટોલ તેમજ ખાણી પીણીના સ્ટોલ દ્વારા લોકોને રોજીરોટી પ્રાપ્ત થાય છે.

### શિક્ષકોમાં જુની પેન્શનને લઈને નારાજગી

## અમરેલીના શૈક્ષણિક મહાસંઘના હોદેદારો ૧૬ ઓગસ્ટે આંદોલનમાં જોડાશે

### શિક્ષકો દ્વારા આંદોલનની તૈયારી શરૂ

અમરેલી તા.૧૩

શિક્ષકો માટે જુની પેન્શન યોજના મુદે રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ દ્વારા ૧૬મી ઓગસ્ટે મહા આંદોલન કરવામાં આવશે. તાજેતરમાં જ મહાસંઘની કારોબારીમાં આંદોલન કરવાનુ નકકી કરવામાં આવ્યુ હતું. ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે યોજાનાર આ મહાઆંદોલનના દિવસે જ આગળના આંદોલનની રણનીતી પણ ઘડવાનું નકકી કરાયું છે. રાજય સરકાર દ્વારા થયેલા સમાધાન અનુસંધાને અત્યાર સુધી જુની પેન્શન યોજનાને લઈ ઠરાવ બહાર પાડવામાં આવ્યો ન હોવાથી શિક્ષકોમાં રોષ જોવા મળી રહ્યો છે જેને લઈ રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘ દ્વારા ૧૬મી ઓગસ્ટે મહા આંદોલનને સફળ બનાવવા અમરેલી જિલ્લા રાષ્ટ્રીય શૈક્ષીક મહાસંઘના મનીષ સિધ્ધપુરા, રામ કેશવાલા, આપાભાઈ માંજરીયા, ચિરાગ ત્રિવેદી, મનીષભાઈ જાની અને મનીષભાઈ અગ્રાવત દ્વારા તડામાર તૈયારી ચાલી રહી છે. અમરેલી જિલ્લામાંથી ખૂબ મોટી સંખ્યામાં શિક્ષકો ગાંધીનગર ખાતે ઉમટી પડશે.

### વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોમાં ઉત્સાહ વચ્ચે

## અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં સ્વાતંત્ર્ય દિનની થીમ ઉપર ચિત્ર સ્પર્ધા યોજાઈ

### સ્પર્ધામાં પ્રથમ સ્થાન કુ. માનસી મકવાણાએ મેળવ્યું



અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજમાં તારીખ ૧૩ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સ્વાતંત્ર્ય દિનની થીમ ઉપર એક ચિત્ર સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.એમ.એમ. પટેલે સેને શુભકામનાઓ પાઠવી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ.માનસી મકવાણા અને કુ. ખુશ્બુ ઝજમેરા અને દ્વિતીય ક્રમે બીજ કનાણી અને તૃતીય ક્રમે તુષાલ ત્રાપસીયાએ સ્થાન મેળવ્યું હતું. જેમને ડો.એમ.એમ.પટેલના હસ્તે ઈનામો અપાયા હતા. અન્ય સ્પર્ધકોને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે ડો.એ.કે. વાળા અને પ્રા.વાય.એચ. ઠાકરે સેવાઓ આપી હતી. સ્પર્ધાનું આયોજન એન.એસ. એસ અને એન.સી.સી વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે.એમ. તળાવીયા, પ્રા.એ.બી ગોરવાડીયા અને એન.સી.સી. ઓફિસર પ્રા. વિલ્સન વસાવાએ જહેમત ઉઠાવી હતી તેમ આઈ.ક્યુ.એ. સી.ના કો-ઓર્ડીનેટર પ્રા. ભારતીબેન ફીણવિયાએ જણાવ્યું હતું.

# ખાંભા : માર્કેટયાર્ડ ખાતે 'ગ્રામ ઉત્થાન સંવાદ' કાર્યક્રમ યોજાયો



સ્વમાન અને આત્મનિર્ભરથી ભરપુર ખેતિ છે અને તેથી આ ક્ષેત્રને બળવાન બનાવવા અને વિવિધ જમીનમાં વિવિધતાસભર સુચારૂ ખેત ઉત્પાદનથી સબળ ખેડુત સફળ ખેડુતની દિશામાં કામ કરી સોનેરી ચીડીયાનું બિરૂદ સાર્થક કરવા કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદ દ્વારા ખાંભા મુકામે યોજાયેલ '' ગ્રામ ઉથ્થાન સંવાદ '' સંબોધતા ઈફકો, એન.સી.યુ.આઈ., ગુજકોમાસોલના ચેરમેન પૂર્વ કૃષિમંત્રી દિલીપ સંઘાણીએ ભારપૂર્વક જણાવ્યું છે.

સંવાદ કાર્યક્રમના પ્રારંભે દિલીપ સઘાણીએ બાંગ્લાદેશની ઘટનાઓ અને હિન્દુઓ ઉપર થતા અત્યાચાર અને હત્યાઓ અંગ આક્રોસ ઠાલવી સંગઠીત બનવા અને સુરક્ષીત રહેવાપર ભાર મુકાયો હતો. કાર્યક્રમના પ્રારંભે બાંગ્લાદેશમાં જીવ ગુમાવનાર હિન્દુ સદગત આત્માઓના મોક્ષાર્થે મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

## ''એક પેડ મા કે નામ'' અંતર્ગત વૃક્ષારોપણ અને સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે

# સાવરકુંડલા ખાતે દેશભક્તિનાં માહોલમાં તિરંગા યાત્રા યોજાઈ

**શહેરીજનોએ તિરંગા યાત્રા ઉપર પુષ્પવર્ષા કરીને આઝાદીની ખૂશી વ્યકત કરી**

**શહેરીજનોએ રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ કર્યો**

**યાત્રા દરમિયાન 'જયહિન્દ' અને 'વંદે માતરમ'નાં નારાથી શહેર ગુંજી ઉઠયું**

**ધારાસભ્ય મહેશ કસવાલા, પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓ જોડાયા**



સાવરકુંડલા, તા. ૧૩

આજરોજ સાવરકુંડલા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની હેઠળ એક પેડ મા કે નામ અંતર્ગત વૃક્ષારોપણ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ કાણકીયા કોલેજ ખાતે કરવામાં આવ્યો.

આ તિરંગા યાત્રા કાણકીયા કોલેજથી શરૂ કરી શહેરના મુખ્ય માર્ગોમાં ફરી હતી જેમાં શહેરના નાગરિકો ધ્વારા પુષ્પવર્ષા કરીને તિરંગા યાત્રાને વધાવી હતી.

આજની આ તિરંગા યાત્રાએ સાબિત કર્યુ કે સાવરકુંડલાના લોકો દેશપ્રેમથી ઓતપ્રોત છે. આવી યાત્રાઓ ધ્વારા રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને વધુ મજબૂત બનાવી શકાય.

સમગ્ર યાત્રા દરમિયાન જય હિન્દ અને વંદે માતરમના નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. યાત્રામાં વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની આગેવાનીમાં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, એએસપી વલય વૈદ્ય તેમજ મામલતદાર, ચીફ ઓફિસર, આરએફઓની વિશેષ ઉપસ્થિતિમાં વહીવટીતંત્ર, શૈક્ષણિક સંસ્થાઓ, નગરજનો, પોલીસ પરિવાર, હોમગાર્ડ, ભાજપ પરિવાર સહિત વિવિધ સમાજનાં લોકો, શહેરના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ભારત માતાના જયઘોષ સાથે ભવ્ય તિરંગા યાત્રામાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## પાંચ ઈસમોની અવારનવારની ધમકીથી કંટાળીને

# લાઠીનાં (હરસુરપુર) દેવળીયા ગામનાં વૃધ્ધ ખેડૂતે ઝેરી ટીકડા પી લીધા

**વૃધ્ધ ખેડૂતનું સારવાર દરમિયાન મોત થયું**

અમરેલી, તા. ૧૩

લાઠી તાલુકાના દેવળીયા (હરસુરપુર) ગામે રહેતા નિલેશભાઈ ભવાનભાઈ વસાણીયા નામનાં ૩૪ વર્ષિય ખેડુત યુવકની વાડીના શેઢા પાડોશીઓ અશોક શામજી ડસુકવાડીયા, કીરીટ શામજી ડસુકવાડીયા, વિપુલ શામજી ડસુકવાડીયા, દિલીપ શામજી ડસુકવાડીયા, ધનજી મોહન ડસુકવાડીયા નામનાં આરોપીઓ ખેડૂત યુવક તથા તેમના પિતાજી સાથે વરસાદી પાણી જમીનમાંથી કાઢવા બાબતે છેલ્લા ત્રણ મહિનાથી વિવાદ ચાલતો હોય. જેના કારણે તમામ આરોપીઓએ ખેડૂત યુવકના પિતાજી ભવાનભાઈ વસાણીયાને અવાર–નવાર ધાક ધમકીઓ આપી, મરવા મજબુર કરેલ

અનુસંધાન પાના ૬ ઉપર

## વાહન ચાલકોને પુલ પરથી પસાર થવામાં સાવચેત રહેવું પડે છે

# લ્યો બોલો : અમરેલીનાં ગાવડકા ગામ નજીક શેત્રુંજી નદી ઉપરનાં પુલની એક બાજુમાં રેલિંગ તુટી ગઈ

**પદાધિકારીઓ અને અધિકારીઓની આવન–જાવન છતાં જૈસે થે : કોંગ્રેસ**

અમરેલી, તા. ૧૩

અમરેલીમાંથી પસાર થતો નેશનલ હાઈવે ૩૫૧ જી અમરેલી થઈને ચલાલા ધારી તરફ જાય છે, જેમાં વચ્ચે ગાવડકા શેત્રુંજી નદી ઉપરથી પસાર થતાં નેશનલ હાઈવેમાં મેજર બ્રિનની એક બાજુની અડધી

અનુસંધાન પાના ૬ ઉપર



## શ્વાને દરવાજાની આડશે રહીને સિંહોને પડકાર્યા

# સાવરકુંડલાનાં થોરડી ગામે ગૌશાળાનાં દરવાજાની અંદર રહેલ ૨ શ્વાનોએ ૨ સિંહોને ચાલ્યા જવા મજબૂર કર્યા

**૧ શ્વાન તો દરવાજાની બહાર આવીને પડકારતો હતો**



અમરેલી, તા.૧૩

સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે ૨ સિંહો શિકારની શોધમાં રવિવારે રાત્રીના સમયે આવી ચડેલા પરંતુ શિકાર મળે તે પહેલાં જઆ સિંહોનો ભેટો ગૌશાળાના શ્વાન સાથે થયો હતો. ગૌશાળામાં રહેલ ગયાનું રક્ષણ કરતાં બે શ્વાને સિંહો સામે મોરચો માંડયો હતો. પરંતુ થોરડી ગામની ગેશાળાના ગેઈટ પર લોખંડની જાળીને કારણે સિંહ અને શ્વાનની

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)